# અંતરમેળ



કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા, મુંબઈ

મે - ઓગસ્ટ ૨૦૧૫ વર્ષ ૮ અંક ૨ પૃષ્ઠ ૧૦ રૂા. ૨/-

## 'અહં' પોતેજ અવ્યવસ્થા છે

ગયે વખતે જ્યારે આપણે અહીં મળ્યા ત્યારે આપણે જીવનના અર્થ વિશે વાત કરી રહ્યા હતા. હું એ નથી જાણતો કે તમને તે વાત ખરેખર સમજાઈ છે કે નહીં, હું શાબ્દિકપાણે કે તાર્કિકપાણે સમજવાનું નથી કહેતો, પરંતુ જાતે જ સીધેસીધું એ જોવું કે જીવનનો અર્થ શો છે અને તેનું કાંઈ મહત્વ છે કે નહીં. અને જો કાંઈ મહત્વ હોય તો તે શું છે? આપણે પરમ દિવસે એ જ વાત પર ચર્ચા કરી રહ્યા હતા.

જીવનનો જે અર્થ છે તે જ અર્થ ક્રિયાનો પણ છે. જીવન એટલે ક્રિયા (સક્રિયતા). જો આપણે એ સમજ્યા હોઈએ અને આપણા કાર્યમાં મનથી તે ગુણવત્તાનો અમલ કરતાં હોઈએ કે જોણે એ મહત્વને સંપૂર્ણપાણે આત્મસાત કરી લીધું હોય, સમજી લીધુ હોય, જીવનનો અર્થ, તો તેમાંથી જ સ્વાભાવિકપાણે પ્રશ્ન ઉદ્‌ભવે છેઃ ક્રિયા એટલે શું? રોજિંદા જીવનમાં ક્રિયા શું છે? એટલે કે ક્રિયા અને એ સમજાણ વચ્ચે કે એ સત્ય વચ્ચે, જીવનના અર્થ વચ્ચે શો સંબંધ છે? ખરેખર તો તેઓ સમાનાર્થી છે, તેઓ એક સાથે ચાલે છે. અને જ્યારે આપણે એ સૌંદર્ય, એ પ્રકૃતિ, મનની એ અસાધારણ ગુણવત્તા કે જોણે જીવનનો અર્થ શો છે એ સત્યને જાણી લીધું છે ત્યારે આપણા જીવનની રોજિંદી ક્રિયા કેવી હોય?

જો તમને વાંધો ન હોય તો આજની સવારે આપણે જીવનના અર્થને સમજવાના સંદર્ભમાં રોજિંદા જીવનની ક્રિયા કઈ છે એ પ્રશ્નની તપાસ કરશું. તમે એ બન્નેને અલગ ન કરી શકો. અને એની તપાસમાં આપણે શું કરવાનું છે, કઈ ક્રિયા કરવાની છે? જે મન એ અર્થની પ્રકૃતિને જાણી ચુકયું હોય તેની સમગ્ર પ્રવૃત્તિની ગતિવિધિની આપણે તપાસ કરવી પડે. મને લાગે છે કે આપણે વિવિધ પ્રકારની ક્રિયાઓને જોઈ શકીએ – મરજી મુજબની ક્રિયાઓ, કોઈ ખાસ આનંદ કે ભયની પાછળ જતાં મનની ક્રિયાઓ, અથવા કોઈ ખાસ પ્રવૃત્તિને જેવી કે રાજકીય, ધાર્મિક, સામાજિક અથવા તમને ઠીક પડે તેને સમર્પિત મનની ક્રિયાઓ. એટલે કે આપણે જીવીએ છીએ તે જીવનમાં અનેક પ્રકારની પ્રવૃત્તિ થતી હોય છે. ઈચ્છા મુજબની પ્રવૃત્તિઓ પણ થતી હોય છે. ઈચ્છા પ્રતિકાર છે અને એ પ્રતિકાર તેની પોતાની જ ક્રિયા છે. હું કાંઈક કરવાનો સંકલ્પ કરું છું. આ સંકલ્પ, આ નિર્ણય મારી પસંદગી મુજબ થયો છે. અને પસંદગી આ અથવા તે વચ્ચે ભેદભાવ ઊભો કરે છે. અને હું તેને પસંદ કરું છું. અને એટલે એ પ્રતિકાર કરે છે. અને તે ક્રિયા, પસંદગી અને નિર્ણય મુજબ થઈ છે, તેથી તે વિકૃત થયેલી ગતિ છે, એ ક્રિયાને મરજી મુજબ વાળવામાં આવેલી છે. તે મારા આનંદ, ભય અથવા કોઈ ખાસ હેતુ પર આધારિત છે તેથી તે વિકૃત છે. આથી ઈચ્છા દ્વારા ઉદ્‌ભવતી કોઈપણ ક્રિયા એ કેવળ પ્રતિકાર કરે છે એટલું જ નહીં પરંતુ સંઘર્ષ ઉત્પન્ન કરનારું પરિબળ બને છે.

આપણે આ બાબત સાથે મળીને પરસ્પર સમજી રહ્યા છીએ. આ કાંઈ મનોરંજન નથી. આ કોઈ એવી બાબત નથી કે જેનો તમે બૌદ્ધિકપાણે સ્વીકાર કે અસ્વીકાર કરો, આ તો ક્રિયા શું છે એ વિશેની એક તપાસ છે, શોધ છે. આપણે સાથે મળીને તપાસ કરી રહ્યા છીએ, તેથી અરસપરસ સમજીએ છીએ, અને એટલે જ આપણે આ બાબત પ્રત્યે ગંભીર છીએ. અને ગંભીર હોવાથી માત્ર આ દોઢ કલાક પૂરતા જ નહીં, પરંતુ જીવનભર, આપણે વિકૃત ન હોય એવી કે જે મુક્તપાણે સહજભાવે થતી હોય એવી ક્રિયા કે જેમાં કોઈ પ્રકારનો સંઘર્ષ ન હોય. અને તે માટે પૂરેપૂરું ધ્યાન આપવાની જરૂર છે. અને તેને માટે પૂરેપૂરી ગંભીરતાની જરૂર છે. કારણ કે આપણું જીવન યુદ્ધોની, ઘર્ષણની, આપત્તિઓની, દુખની, ચિંતાના સ્વરૂપોની પરંપરા છે. અને શોધ કરવા માટે સમજબુદ્ધિથી જીવવું એટલે કે જીવનનો સંપૂર્ણ અર્થ સમજવો. અને જીવનનો એ અર્થની અનુભૂતિ મેળવવા માટેનો પ્રયત્ન કરવા માટે જ આપણે પૂછીએ છીએ કે એ ક્રિયા કઈ છે? આપણે જોઈએ છીએ કે ઈચ્છાથી ઉત્પન્ન થયેલી કોઈપણ ક્રિયા, કે જેનું આપણે શિક્ષાણ લીધું છે તે કેવળ વિકૃતિનું, ઘર્ષણનું, પ્રતિકારનું અને બહિષ્કારની ભાવના ઉત્પન્ન કરતું પરિબળ છે એવું નથી. શું આપણે એકસાથે ચાલીએ છીએ? તેથી સત્યની સમજ એવી છે કે કોઈપણ સ્વરૂપમાં ઈચ્છા, સંકલ્પ અને વર્ચસ્વ મેળવવાના પ્રયત્નમાંથી, પસંદગીમાંથી ઉદ્‌ભવેલી હોય છે, તે વિકૃતિની ક્રિયા છે. બરોબર? તેથી ક્રિયામાં ઈચ્છાને સ્થાન ન આપવું જોઈએ.

ત્યારબાદ, ધીમે ધીમે આપણે એ શોધી કાઢવાના છીએ, આપણે એ તપાસવાના છીએ કે એ ક્રિયા કઈ છે? કૃપા કરીને આ વાત પર ધ્યાન આપો. જે સંપૂર્ણપાણે નિષ્ક્રિય હોય એવી સક્રિયતા કઈ છે? મને નથી ખબર કે તમે તેમાં રહેલું સૌંદર્ય જુઓ છો કે નહીં. પરંતુ સાવ નિષ્ક્રિય હોય તેવી ક્રિયા કઈ છે તે શોધી કાઢવા માટે આપણે જુદી જુદી પ્રવૃત્તિઓ અને ક્રિયાઓને તપાસવી જોઈએ કે જેમાં મનને શિક્ષિત કરવામાં આવ્યું છે, અનુબંધિત કરવામાં આવ્યું છે અને જે ખોટું છે તે સમજવામાં વાસ્તવિકતા અસ્તિત્વમાં આવે છે. તેથી ઈચ્છાનુસાર કરવું એ ખોટું છે. શું મન આમાં રહેલું સત્ય જોઈ શકે? અને તેથી ક્યારેય, કોઈપણ સંજોગોમાં, પ્રતિકાર ન કરે અને તેથી પસંદ ન કરે કે આ અને તે વચ્ચે ભેદભાવ ન કરે, મૂલ્યાંકન ન કરે? આ બધામાં ઈચ્છા–પસંદગી અને પ્રતિકાર છુપાએલા છે. હવે શું મન અનુબંધનોથી મુક્ત થઈ શકે, કે જે આપણી સંસ્કૃતિ છે, અને આ અનુબંધનોની શરુઆત બાળપણથી થઈ છે, શાળા–કોલેજે જતાં ત્યારથી થઈ છે, આપણું સમગ્ર, સર્વસ્વ...આપણાં જીવનનાં અંત સુધી, આ સંકલ્પ કે નિર્ણય, ઈચ્છાની ક્રિયા, પ્રતિકાર રહે છે. બરાબર? તેનો અર્થ એ છે કે – એ વાત પર જરા ધ્યાન આપજો કે આ કેવળ શાબ્દિક વાર્ણન નથી પરંતુ વાસ્તવિક હકીકત છે. તેથી કાંઈક નવું શોધી કાઢવા માટે, જીવન જીવવાનો એવો રસ્તો શોધી કાઢવા માટે કે જેમાં પ્રતિકારની કોઈપણ પ્રકારની ગતિ ન હોય, મન મુક્ત હોય એ જરૂરી છે.

ત્યારબાદ વિચારધારાની કે માન્યતાની પ્રવૃત્તિ આવે છે. અને આપણામાંના મોટાભાગના લોકો માટે આદર્શ વિશે, માન્યતા વિશે વિચારધારા પ્રમાણે જ શિક્ષિત હોવાથી, તેમાંથી જ પ્રવૃત્તિઓનાં વિવિધ સ્વરૂપો ઉદ્‌ભવે છે. જ્યારે તમારા મનમાં કોઈ આદર્શ હોય, એટલે કે વિચાર દ્વારા કોઈ સૂત્ર નક્કી કરવામાં આવ્યું હોય અને તે સૂત્ર પ્રમાણે કાર્ય કરો, તે ખ્યાલ, કે આદર્શ મુજબ કરો ત્યારે ત્યાં જે છે તે અને જે હોવું જોઈએ ઉત્પન્ન થાય છે. બરોબર? અને તેથી સંઘર્ષ ઉદ્‌ભવે છે. મન હંમેશાં પોતે નક્કી કરેલા નિષ્કર્ષ, આદર્શ કે માન્યતાને અનુરૂપ પોતાની પ્રવૃત્તિ કરે છે. જે છે તેમાંથી જે હોવું જોઈએ તેને અનુકૂળ થવા પ્રયત્ન કરે છે – શું તમે તેમ નથી કરતાં? આપણું આખું જીવન જ આના ઉપર આધારિત છે. આપણે કોઈ ખ્યાલ પ્રમાણે સક્રિય રહીએ છીએ, આપણે એ મુજબ કાર્ય કરીએ છીએ. કૃપા કરીને તમારી પોતાની અંદર આ હકીકતનું નિરીક્ષણ કરો. તેથી ક્રિયા કઈ છે એ વિશે જે મન તપાસ કરતું હોય છે તેણે પોતાની જાતે જ એ શોધવાનું રહે છે કે નિષ્કર્ષો, માન્યતાઓ, આદર્શો શા માટે આટલું બધું અસાધારણ મહત્વ ધરાવે છે. કમનસીબે તમે જે આદર્શો ધરાવો છો તે તમારા અનુબંધનોનો, તમારી સંસ્કૃતિનો, એક ભાગ છે. તે માર્કસ કે જે કોઈ હોય તેના મુજબની એક આદર્શ વ્યવસ્થા છે. અને થોડા લોકો કે જેઓ સમજે છે તેઓ સત્તા મેળવી માનવીના મનને મારીમચડીને કોઈ માળખાને અનુસરવા માટે બાધ્ય કરે છે. આમ જ થઈ રહ્યું છે. અને વત્તેઓછે અંશે આપણે પણ તેમ જ કરીએ છીએ. આપણે આદર્શો, નિષ્કર્ષો, માન્યતાઓ ધરાવીએ છીએ અને આપણી ક્રિયા એ બધાને અનુસરવાની કોશિશ બની રહે છે. અને તેથી એ પ્રવૃત્તિમાંથી ઘર્ષણ જન્મે છે કારણ કે જે હોવું જોઈએ તે અને જે છે તેની વચ્ચે ઘણો બધો ફરક છે. અને જે છે તે તથા જે હોવું જોઈએ તેની વચ્ચેની સરખામણી, જે છે તેની મર્યાદાઓ, જે હોવું જોઈએ તેની મર્યાદાઓ અને જે છે તેને બદલવાનું – આ આપણા અનુબંધિત, શિક્ષિત, સુસંસ્કૃત મનની પ્રક્રિયા છે. ખરું?

શું મન એવી ક્રિયા શોધી શકે કે જેમાં સંઘર્ષ હોય જ નહીં? સંઘર્ષનું કોઈપણ સ્વરૂપ જે તે ક્રિયાની વિકૃતિ છે. કારણ કે જે રીતે ઇચ્છા ક્રિયાની વિકૃતિ છે તે જ રીતે માન્યતા, ખ્યાલ, આદર્શો પણ ક્રિયાની વિકૃતિ છે. શું મન ક્રિયામાં રહેલું આ સત્ય જોઈ શકે અને તેનાથી તત્કાલ મુક્ત થઈ શકે? શું હું, તમે, આપણી જાતે આ હકીકતનું નિરીક્ષણ કરી શકીએ અને એ જોઈ શકીએ કે તેમાં ઘણાં આદર્શો અને ભારે બોજ ભર્યા પડ્યા છે અને તેની સાથે બીજું શું શું સંકળાયેલું છે તે જોઈ શકીએ? જે છે તે અને જે હોવું જોઈએ તેના આ સમગ્ર માળખાનો શો અર્થ છે અને તેમાં રહેલું સત્ય જોઈ શકીએ અને તે જોઈને તેને સંપૂર્ણપણે છોડી શકીએ? કે જેથી ત્યારબાદ મન એવી ઇચ્છાથી મુક્ત થઈ જાય? તમે સમજ્યા કે આપણે જે... આ જ તો ખરી ક્રાંતિ છે – સજ્જનો, તમને સમજાય છે? ઇચ્છાથી મુક્ત, એટલે કે બધા પ્રતિકાર, પસંદગીની બધી જ ભાવનાથી મુક્ત. જ્યારે મનમાં સ્પષ્ટ સમજ ન હોય ત્યારે જ પસંદગી અસ્તિત્વ ધરાવી શકે. જ્યારે મનમાં સ્પષ્ટ સમજણ હોય ત્યારે ત્યાં પસંદ કરવાની કોઈ જરૂર હોતી જ નથી. જેટલી વધારે પસંદગી હોય એટલી વધારે ગૂંચવણ હોય છે. તો શું મન આનું સત્ય જોઈને નિર્ણયની, ઇચ્છાની, હોવું જોઈએ, આમ થવું જોઈએ જેવી દરેક ગતિવિધિથી મુક્ત થઈ શકે? શું મન દરેક નિષ્કર્ષ, આદર્શથી મુક્ત થઈ શકે? તમે સાંભળો જ છો ત્યારે, અને મને આશા છે કે તમે ગંભીરતાથી સાંભળો છો, ત્યારે તમે સાંભળવાની સાથે સાથે જે સાંભળો છો તેને કોઈ ખ્યાલમાં ફેરવતા જાઓ છો, આ ખ્યાલ અમૂર્ત હોય છે, અને તમે તે પ્રમાણે જીવવાની કોશિશ કરો છો. એ જ તો તમારા મનમાં રહેલો આદર્શ છે, એ જ તો જે હોવું જોઈએ તે છે. અથવા તમે જે સાંભળો છો અને આનું સત્ય સીધેસીધું જ જુઓ છો ત્યારે તમે હવે તેનો તરત જ અંત લાવો છો. ખરું?

આમ મન ઇચ્છાની અને માન્યતાઓની, ખ્યાલોની અને વિચારોની બધી પ્રવૃત્તિઓથી મુક્ત રહે છે. ત્યારે બધી પ્રવૃત્તિઓ પોતાનાં વલણ અને વિશિષ્ટ પ્રકૃતિ મુજબની હોય છે. આ વૃત્તિ, વિશિષ્ટ પ્રકૃતિ કે ખાસિયતો કઈ હોય છે? શું તેથી જેના પર તમને આટલો બધો ગર્વ છે તેવી વ્યક્તિગત વિશિષ્ટતા બહાર આવે છે? શું તમને આ બધું સમજાય છે? શું હું વાતને સ્પષ્ટપણે કહું છું?

હવે આપણે સાથે મળીને જેમાંથી બધી પ્રવૃત્તિઓ થાય છે એ વૃત્તિ, વિશિષ્ટ પ્રકૃતિ, ખાસિયતો વગેરેની તપાસ કરીએ છીએ. મારી ખાસિયતો અમુક પ્રકારની છે અને મારે તે મુજબ કામ કરવું જોઈએ. મારી વિશિષ્ટ પ્રકૃતિ વૃક્ષ પર ચડવાની છે તેથી હું તેવું કાર્ય કરું છું. તમને સમજાય છે? તો શું આ વૃત્તિ, ખાસિયતો, વિશિષ્ટ લક્ષણો મારી રૂઢિગત માન્યતા ધરાવતી માનસિકતા એટલે કે મારાં અનુબંધનો નથી? કૃપા કરી આને સમજો. આ મનનો ઉછેર એવી સંસ્કૃતિમાં થયો છે, અને તેથી તે એટલું તો અનુબંધિત છે કે તેનો દરેક પ્રતિભાવ સંજોગો, પર્યાવરણ મુજબનો હોય છે, તે લક્ષણ તરીકે પ્રતિભાવ દર્શાવે છે, તે જ વિશિષ્ટ પ્રકૃતિ તરીકે, વૃત્તિ તરીકે પ્રતિભાવ દર્શાવે છે. અને આપણી બધી જ પ્રવૃત્તિઓ તેને લગતી જ હોય છે. તેથી જ આપણે જીવનને કલાકાર, વ્યાવસાયિક માણસ, રાજકારણી વગેરે જેવો વિભાજનોમાં વિભાજિત કરીએ છીએ. પ્રત્યેકને તેની પોતાની ખાસ અલગ પ્રવૃત્તિ હોય છે, તેમની વૃત્તિ મુજબ અનેક ટુકડામાં વહેંચાયેલી. આમ આપણે જીવનને અલગ અલગ કક્ષામાં વહેંચી દઈએ છીએ અને ક્રિયાનું અખંડ મહત્વ ગુમાવી બેસીએ છીએ. ખરું? હવે જ્યારે તમે તમારાં વિશિષ્ટ લક્ષણ મુજબ કાર્ય કરો છો ત્યારે વૃત્તિ મુજબનું કોઈ કાર્ય હોય છે? કૃપા કરી ધ્યાનથી જુઓ કે આ ખરેખર મહત્વની બાબત છે કારણ કે આપણે વિશિષ્ટ લક્ષણને આટલું બધું મહત્વ આપીએ છીએ. અને જો તમે આ વાતમાં રહેલા સત્યને જુઓ તો તે અદશ્ય થઈ જાય છે. આમ તમે ઇચ્છાની, પ્રવૃત્તિઓથી મુક્ત થઈ જાઓ છો. એ જુઓ કે શું થાય છે? આ તમે અત્યારે જ જોઈ શકો છો, તમારી જાતે જ જોઈ શકો છો.

અલબત, ત્યારે બધી જ પ્રવૃત્તિઓ આનંદની અને ભયની હોય છે જેને વિશે આપણે તે દિવસે વાત કરી હતી. હવે આ બધી પ્રવૃત્તિઓ ખંડિત હોય છે અને તેથી અવ્યવસ્થિત હોય છે. ખરું? કૃપા કરી આ બાબતમાં મારી સાથે રહો! હું મારી વૃત્તિ મુજબ કામ કરું છું અને તમે તમારા આદર્શ મુજબ કામ કરો છો, તો બીજું કોઈ પોતાની ઇચ્છા મુજબ કામ કરે છે, અને આપણાં સંબંધોમાં આવી પ્રવૃત્તિઓથી સ્વાભાવિકપણે જ અવ્યવસ્થા સર્જાય. અને આપણે આપણા પર ચર્ચ દ્વારા, ગુરુ દ્વારા કે કોઈ અર્થહીન વાક્ય દ્વારા લાદવામાં આવી હોય છે તે અવ્યવસ્થાને દૂર કરવાનો પ્રયત્ન તેનાં જ સંદર્ભમાં વધારે ઉચ્ચ આદર્શ ધરાવીને કરીએ છીએ. તો હવે તમે તમારી જાતે તમારી આનંદની, ભયની ખંડિત પ્રવૃત્તિને જુઓ, તમારી વૃત્તિની પ્રવૃત્તિને, વિશિષ્ટ પ્રકૃતિની પ્રવૃત્તિને અને ખાસિયતોની પ્રવત્તિને, માન્યતાની, આદર્શની, નિષ્કર્ષની અને ઇચ્છાની ખંડિત પ્રવૃત્તિઓને જુઓ. અને જ્યાં ખંડિત ટુકડા હોય ત્યાં અવ્યવસ્થા હોવાની જ. આમ આપણી બધી જ પ્રવૃત્તિઓ અવ્યવસ્થા સર્જે છે. તમને આ સમજાય એ સારી વાત છે. મને લાગે છે કે કદાચ તમે આ વાત સાથે સંમત ન પણ થાઓ, કારણ કે તમારાં મનમાં પહેલેથી જ અમુક વિચારો હશે. કારણ કે જો તમે ખરેખર આ જુઓ તો તમારે સાચે જ એ સમસ્યાનો સામનો કરવો પડે કે તમારું સમગ્ર જીવન અવ્યવસ્થિત છે, ટુકડામાં વિભાજિત થયેલું છે અને મન આ પરિસ્થિતિ જોવા ઇચ્છતું નથી. અને તેથી તમે અવ્યવસ્થામાં જ રહેવાનું પસંદ કરો છો. અને આ આપણી સંસ્કૃતિનો એક ભાગ છે. અને તેથી શું થાય છે? જરા એ સમજો કે જ્યારે મન અવ્યવસ્થામાં રહેતું હોય ત્યારે તમારું સમગ્ર જીવન, મગજ અવ્યવસ્થિત રહે છે. તમારું જીવન અને મગજ ત્યારે જ સારી રીતે કાર્યરત રહી શકે કે જ્યારે તે ભીતરથી વ્યવસ્થિત અને કાર્યક્ષમ હોય. જરા આને સમજો કે આપણી અંદર વ્યવસ્થા સ્થપાવી જ જોઈએ નહીં તો તે યોગ્ય રીતે કાર્ય નહીં કરી શકે. આમ જીવન અવ્યવસ્થિત હોય ત્યારે મગજની માંગ કહો કે જરૂરિયાત વ્યવસ્થા છે. કારણ કે

સ્વસ્થતાપૂર્વક કાર્ય કરવા માટે તેને વ્યવસ્થાની જરૂર છે. એ ન હોય તો સંઘર્ષ વધતો જાય છે અને એ સંઘર્ષમાંથી જે માનસિક પ્રવૃત્તિ ઉદ્‌ભવે છે તે મગજને નુકસાન કરે છે. વ્યવસ્થાથી મગજને સલામતી મળે છે. હું જે કહું છું તે તમે સમજો છો?

હું અવ્યવસ્થિત જીવન જીવું છું. મારી પ્રવૃત્તિઓ, મારી ઇચ્છા, આવેશ, મારો આશય, વિશિષ્ટ પ્રકૃતિ, ખાસિયત, માન્યતા, આનંદ વગેરે પર આધારિત હોય છે, અને એ બધી વિરોધાભાસી હોય છે. હું વિરોધાભાસી અને અવ્યવસ્થિત જીવન જીવું છું. પરંતુ કાર્યક્ષમપણે સક્રિય રહેવા માટે મગજને વ્યવસ્થાની જરૂર છે. અત્યારે હું આ બાબતમાં ઊંડી તપાસ કરીશ. આમ પ્રવૃત્તિઓ અને વ્યવસ્થા ઇચ્છતા મન વચ્ચે યુધ્ધ ચાલ્યા કરે છે. તેમાં ઘર્ષણ છે. આ ઘર્ષણથી કાંઈક તૂટે છે, કાંઈક ભાંગે છે, કાંઈક તો થવાનું જ છે. અને સામાન્ય રીતે તેમાંથી તાણયુક્ત ક્રિયા ઉદ્‌ભવે છે અને એ માનસિક દબાણમાં વિચાર કે મગજ કહે છે કે ઓછામાં ઓછું મને તેવી પરિસ્થિતિમાં તો સુરક્ષા મળવી જ જોઈએ! અને આપણામાંના મોટાભાગના લોકો આ માનસિક સલામતી મેળવે છે. તમને આ બધું સમજાય છે? જરા અટકીએ, થોભો થોભો.

પ્રશ્ન – માનસિક તાણ એટલે શું?

કે – માનસિક તાણ એટલે શું? અસ્વસ્થ મન. સ્વસ્થ અને સમજદાર મન અખંડ મન છે. મનની સ્વસ્થતા અથવા સમજદારી એટલે જ અખંડ, સંપૂર્ણ, સ્વસ્થ અને તેનો અર્થ પ-વિ-ત્ર પવિત્ર પણ થાય છે. સ્વસ્થ મન પવિત્ર મન છે, અસ્વસ્થ મન પવિત્ર મન નથી, તે અવ્યવસ્થિત મન છે. જુઓ કે શું થાય છે. મારી પ્રવૃત્તિઓ સંઘર્ષ અને અવ્યવસ્થા ઉત્પન્ન કરે છે, અને તે અવ્યવસ્થામાંથી જ મગજ વ્યવસ્થા શોધવાનો પ્રયત્ન કરે છે. તેથી તે બીજી કોઈ ભળતી બાબત સાથે જોડાય છે, કોઈ નવો સંપ્રદાય, નવી કોઈ પદ્ધતિ, નવું દર્શન કે નવા ખ્યાલ સાથે જોડાય છે. તમે સમજ્યા? અને ફરી એ જ બીબાંમાં તે ઢળી જાય છે.

આપણું જીવન અવ્યવસ્થિત છે. તે વિરોધાભાસી છે. જ્યાં પ્રયત્ન, ત્યાં વિરોધાભાસ અને જ્યાં અવ્યવસ્થા હોય ત્યાં સ્વસ્થ મનની ક્રિયા હોય જ નહીં. મગજ માટે તો જ્યાં સ્વસ્થતા હોય ત્યાં જ સલામતી છે. પરંતુ કેમ કે મગજને તેવી સ્વસ્થતા મળતી નથી, તે એવી સ્વસ્થતા શોધી શકતું નથી એટલે તે એક ક્રિયા પસંદ કરે છે અને તેથી તે એવી આશા સેવે છે કે તેને સલામતી મળશે. શું તમે આવું બધું નોંધ્યું નથી? કદાચ નહીં નોંધ્યું હોય, કદાચ તમે કરવી જોઈએ તેટલી ઊંડી તપાસ નહીં કરી હોય.

આમ સ્વસ્થ મન માટે વ્યવસ્થા નિતાંત આવશ્યક છે. અને એ વ્યવસ્થા ત્યારે જ આવે કે જ્યારે તેમાં ઇચ્છા ભળી ન હોય, જ્યારે કોઈ વિશિષ્ટ પ્રવૃત્તિઓ ન હોય – કૃપા કરીને આનું નિરીક્ષણ કરો. આમ તેમાં સંતોષનો, મારો પોતાની સાથેના પરિચયનો કે બીજી કોઈ વસ્તુ સાથેનો કોઈ ભાવ નથી હોતો. બરાબર?

તો વ્યવસ્થા શું છે? મને અવ્યવસ્થા એટલે શું તે ખબર છે. બાહ્ય વિશ્વની અવ્યવસ્થા – શું તમે વિશ્વમાં ફેલાયેલી અવ્યવસ્થાની નોંધ નથી લીધી? હે ભગવાન! અને તે અવ્યવસ્થા તો આપણી અંદર પણ છે. અને ગમે તેમ પણ આપણે તેનાથી સંતુષ્ટ છીએ તેમ લાગે છે, આપણે તેની સાથે જીવીએ છીએ. અને આ અવ્યવસ્થામાંથી આપણે જુદા જુદા પ્રકારની પ્રવૃત્તિઓ કરવાનું નક્કી કરીએ છીએ. આપણે સમાજશાસ્ત્રી બનીએ છીએ, એવરેસ્ટ ચઢીએ છીએ, ચંદ્રમા ઉપર જઈએ છીએ અને ભગવાન જાણે બીજું શું શું કરીએ છીએ – અથવા જાપાન કે પૂર્વમાં જઈને ધ્યાન ધરીએ છીએ. તમે સમજો. એક પંદર વર્ષના છોકરાની સુંદર વાત તમે જાણો છો? તે સત્ય શોધવા ઘરેથી નીકળે છે. તે બધે જાય છે. દરેક જંગલમાં ભટકે છે, વનેવન ઘૂમે છે, નદી-પર્વતો ઓળંગે છે. શોધતો, પૂછતો અને જે ગુરુ મળે તેને કહેતો કે મને સત્ય શું છે તે શીખવો. એંશી કે સિત્તેર અથવા જે હતી તે વયે તે વિચારે છે કે, મને સત્ય ન મળ્યું, હવે હું ઘરે જ પાછો ફરું એ વધારે યોગ્ય ગણાશે, હું ઘરે જઈ શાંતિથી મૃત્યુ પામી શકીશ. તેથી તે ઘરે પાછો ફરે છે અને તેનાં આશ્ચર્ય વચ્ચે તેનું ઘર હજુ પણ અસ્તિત્વ ધરાવતું હતું. તે દ્વાર ખોલે છે અને તેને ત્યાં જ મળે છે! તમે સમજ્યા? તે ત્યાં જ છે. અને તેને સમજાય છે કે સત્ય શોધવા માટે તેણે આખા વિશ્વમાં ક્યાંય ભટકવાની જરૂર ન હતી. તમને આ બધું સમજાય છે?

તો વ્યવસ્થા શું છે? જે વ્યવસ્થા માન્યતાથી, ઇચ્છાથી, આનંદથી કે ખાસિયતથી સ્થપાયેલી ન હોય એવી વ્યવસ્થાને મનમાં કેવી રીતે સ્થાપી શકાય? હું જોઉં છું કે હું બધી વિરોધાભાસી છે, ગૂંચવણ ભરેલી છે અને અવ્યવસ્થિત છે. તો તેની સાથે સબંધિત ન હોય તેવી આ વ્યવસ્થા કેવી છે? બરોબર?

તો ચાલો આપણે તેને જોઈએ. ચાલો આપણે તેને જુદી રીતે જોઈએ. શું તમે એ જોયું છે કે તમે સૂવા જતા હો તે પહેલાં, જો તમે સભાન અને ગંભીર હો અને નશામાં ન હો તો સામાન્ય રીતે તમે આખા દિવસમાં જે કાંઈ કર્યું હોય તેનો મનોમન વિચાર કરો છો – શું તમે તેવું નથી કરતાં? શા માટે તમે જે કાંઈ કર્યું હોય તેનો હિસાબ કરો છો? તમે વિચારો છો કે મેં આ ઠીક ન કર્યું, મારે તેમ કરવું જોઈતું હતું. હું વ્યથિત થયો તે મારી જ મૂર્ખાઈ હતી. મારે તે માણસ સાથે વધારે નમ્રતાથી વર્તવું જોઈતું હતું. મારે વધારે પડતું ખાવું નહોતું જોઈતું. મારે વધારે ઉદાર બનવું જોઈતું હતું. એટલી નાની અને ક્ષુલ્લક બાબત માટે મારે ગુસ્સે નહોતું થવું જોઈતું – શું તમારે આવું નથી બનતું? તમે શા માટે તેમ કરો છો? તમે તમારી અંદર વ્યવસ્થા સ્થાપવા માટે તેમ કરો છો. જો તમે સભાનપણે કે જાગૃત અવસ્થામાં વ્યવસ્થા નહીં સ્થાપો તો તમે ઊંઘતા હશો ત્યારે મગજે પોતાને વ્યવસ્થિત કરવાનો પ્રયત્ન કરે છે. કારણ કે મગજ વ્યવસ્થિત હોવું જ જોઈએ. જો તમે દિવસ દરમિયાન વ્યવસ્થા નહીં સ્થાપી હોય તો જ્યારે તમે ઘસઘસાટ ઊંઘતા હશો ત્યારે મગજ અનિવાર્યપણે વ્યવસ્થા સ્થાપવાનો પ્રયત્ન કરે છે. આ યાંત્રિક વ્યવસ્થાની વાત નથી, પરંતુ આપણે જે અર્થમાં વ્યવસ્થા સ્થાપવાની વાત કરીએ છીએ એ અર્થમાં જો તમે વ્યવસ્થા સ્થાપી હશે તો મગજે વ્યવસ્થા સ્થાપવી પડતી નથી. તેથી તે પોતાને વધારે કાર્યક્ષમ બનાવવા માટે મુક્ત રહે છે. એટલે કે તેને વિકૃત કરતી દરેક બાબત એકબાજુ મૂકીને તે પોતાને સરળતાથી પોતાનું કામ કરે તેવું કરવા દે છે. તેથી જ્યારે તે વ્યથિત થાય ત્યારે તે જાગ્રતપણે તેનો સામનો યુવા, નવીન, તાજગીસભર રહીને કરે. શું તમે આ બધું નથી કર્યું હે ભગવાન...તો હવે કરો!

આમ વ્યવસ્થા મનની એવી સ્થિતિ છે કે જેમાં મનની સંઘર્ષ ઉત્પન્ન કરતી દરેક પ્રવૃત્તિનો અંત આવે છે. અને આમ થવું જરૂરી છે કારણ કે આપણે જે ક્રિયા સંપૂર્ણપણે નિષ્ક્રિયતા છે તેની તપાસ કરવાના છીએ. કદાચ તમારા માટે આ બાબત નવી પણ હોય. જો કે તેનું વર્ણન કરવું એ મારા માટે પણ નવી બાબત છે. હું સંપૂર્ણ નિષ્ક્રિય ક્રિયા વિશે કાંઈક શોધી કાઢવાનો છું. મને એ ખબર છે કે આનંદની, ખાસિયતની, માન્યતાની, આદર્શની કે મરજીની ક્રિયા કઈ છે. તેને હું સારી રીતે જાણું છું. અને હું એ પણ જોઉં છું કે તેમાં વિરોધ, ખંડિતતા, પ્રયત્ન, જબરદસ્ત તાણ અને દબાણ છે. અને એ બધી પ્રવૃત્તિઓ અવ્યવસ્થા છે. હું તેને બહુ જ સ્પષ્ટપણે જોઉં છું, અને તેને બહુ જ સ્પષ્ટપણે જોઈને મેં તેનો અંત આણ્યો છે. ત્યારે હું જોઉં છું કે આ અવ્યવસ્થામાંથી વ્યવસ્થા સ્થપાવી જ જોઈએ. અને એ વ્યવસ્થા વિચારથી ન સ્થાપી શકાય. કારણ કે આ ખંડિતતા વિચારે જ સર્જી છે. આમ વ્યવસ્થા વિચાર દ્વારા નથી સ્થપાઈ. તો વિચારથી ઉત્પન્ન ન થયેલી આ વ્યવસ્થા કેવી છે? તેથી હું તે શોધી કાઢવાનો છું અને કહેવાનો છું કે એ ક્રિયા કઈ છે. જેમાં આનંદ, ખાસિયત, માન્યતા કે મરજીની ગુણવત્તા ધરાવતી ક્રિયાની અવ્યવસ્થા ન હોય એવી કોઈ ક્રિયા છે ખરી? એવી કોઈ ક્રિયા છે કે જે આ બધા સાથે બિલકુલ સંબંધિત ન હોય? – કારણ કે તેનાથી

અનિવાર્યપણે અવ્યવસ્થા જન્મે છે. બરોબર? શું આ વાતમાં આપણે એકબીજા સાથે છીએ? કે પછી હું મારી રીતે આગળ બોલતો રહું છું?

હવે, મારે શોધ કેવી રીતે કરવી? મને માત્ર અવ્યવસ્થાની પ્રવૃત્તિ વિશે જ ખબર છે, અને મેં જોયું છે કે અવ્યવસ્થા કેવી રીતે સર્જાય છે. તે મારા તંત્ર, રક્ત, મગજ – બિલકુલ મારી બહારની વાત છે – તો એ ક્રિયા કઈ છે? અને આ ક્રિયા શું છે? મને તે સમજાઈ ગયું છે. તેની પ્રવૃત્તિઓ સાથે મને એ પણ સમજાઈ ગયું છે કે જાગ્રત કે અજાગ્રત માન્યતાની પ્રવૃત્તિઓ, જાગ્રત કે અજાગ્રત આનંદ અને ભયની પ્રવૃત્તિઓ, જાગ્રત કે અજાગ્રત ખાસિયતની પ્રવૃત્તિઓ, જાગ્રત કે અજાગ્રત મરજીની પ્રવૃત્તિઓ વગેરે. એ મૂળ તત્ત્વ તો હું જ છું. બરોબર? આ હું, મારું, મને વ.નું બંધારણ, એ અહં, મારાથી અલગ ક્રિયાનો અનુભવ, એ બધી સ્વાર્થી પ્રવૃત્તિઓ અને એવું બધું જ. શા માટે હું તે બધાનો અસ્વીકાર કરું છું? જ્યારે મન તેની વ્યર્થતા જુએ છે, તો હવે શું એ હું ત્યાં રહે છે? એ અર્થમાં મેં આ હું ની ક્રિયાને જાણી લીધી છે અને જ્યારે હું તેનો અસ્વીકાર કરું છું, અને જ્યારે મન આ બધી ક્રિયાઓની વ્યર્થતાનું સત્ય જુએ છે, ત્યારબાદ એ અહંનું અસ્તિત્વ રહેતું નથી, કારણ કે તેની ઓળખ જ તેના થકી છે. આથી હવે હું થી જન્મતી કોઈ ક્રિયા અસ્તિત્વ ધરાવતી નથી. એથી જ હવે અવ્યવસ્થા જેવી કોઈ ક્રિયાનું પણ અસ્તિત્વ રહેતું નથી. ત્યારે આ હું સાથેની મારી જાણીતી એક જ ક્રિયા રહે છે. મન સાથેની, હું સાથેની મારી, એક માત્ર ક્રિયા રહે છે, એ જ્યારે ત્યાં ન હોય ત્યારે ત્યાં નિષ્ક્રિયતા હોય છે, શું નથી હોતી? એ ક્રિયાને મેં આ પહેલાં ક્યારેય જોઈ નથી કારણ કે મેં તો દરેક ક્રિયાને કેવળ એ સંદર્ભોમાં જ જોઈ છે. હવે જ્યારે મન એ બધાનું સત્ય જુએ છે ત્યારે ક્રિયા સંપૂર્ણપણે નિષ્ક્રિયતા જ છે. મને આશા છે કે તમને આ વાત સમજાતી હશે.

જીવનનો અર્થ સમજી લીધા બાદ, સંપૂર્ણપણે નિષ્ક્રિયતા સાથે હવે શું હું આ વિશ્વને છોડીને જઈ શકું? એટલે કે એ અર્થમાં એવી કોઈ ક્રિયા ક્યારેય દર્શાવ્યા વગર જઈ શકું? તમે સમજ્યા? નિષ્ક્રિયતા હું વગરની અભિવ્યક્તિ છે. અને હું અવ્યવસ્થા છે. તેથી હું વગરની હોય એવી ક્રિયા કઈ છે? ખરું? તમને શું લાગે છે? તમે તે શું છે એ વિશે વિચારો છો? કૃપા કરીને એ મને ન કહો, કારણ કે તમે જો તેના પર ગંભીરતાથી વિચાર્યું ન હોય કે તેની ઊંડી તપાસ નહીં કરી હોય તે તમે તેને નહીં જાણી શકો. એવી કઈ ક્રિયા છે કે જે સંપૂર્ણપણે નિષ્ક્રિય છે? તે કહેવા માટે આપણે કોઈ શબ્દનો ઉપયોગ કરશું, પરંતુ શબ્દ એ વસ્તુ નથી. વર્ણન કરવા માટે આપણે શબ્દોનો ઉપયોગ કરીએ છીએ, પરંતુ વર્ણન એ વર્ણિત (વસ્તુ) નથી. અને કદાચ જે બહુ ભારેખમ શબ્દોને ઉપયોગ કરીએ છીએ અને આપણે એવા શબ્દોનો પણ ઉપયોગ કરીએ છીએ જે સાવ હળવા હોય. તો એ કઈ ક્રિયા છે જે નિષ્ક્રિયતા છે? બરોબર? હું તેને પ્રેમ કહીશ. જુઓ તમે લાગણીશીલ ન થઈ જતાં, તેને સંવેદનશીલતા, રોમાંચ, કોઈ કલ્પના કે મૌખિક અથવા શાબ્દિક અભિવ્યક્તિ સાથે કોઈ નિસબત નથી. તમે તે વાતની નોંધ લીધી છે કે નહીં તે હું નથી જાણતો. જ્યારે તમે આનંદ અને ભય વિશે સમજ્યા હતા ત્યારે તમે એ પણ સમજ્યા હતા કે પ્રેમને સુખ સાથે કોઈ નિસબત નથી. શું તમે આ ક્યારેય જોયું કે અનુભવ્યું છે?

તો જ્યારે એ પ્રેમ હોય ત્યારે જીવનમાં સંપૂર્ણ નિષ્ક્રિયતા હોય છે. અને તેની પોતાની આગવી પ્રવૃત્તિ હોય છે, એવી પ્રવૃત્તિ કે જેનું નિયમન વિચારથી નથી થતું. શું તમે એ જાણો છો કે આ બધા માટે પ્રચંડ ધ્યાનની જરૂર પડે છે? તમે સમજ્યા? અહીં ધ્યાન શબ્દનો અર્થ છે –ને વિશે વિચાર કરવો, –ની તપાસ કરવી, –નું સંશોધન કરવું, ક્રિયાની સંપૂર્ણ સમસ્યામાં પોતાની રીતે અનુભવ મેળવવો. તમારી કે મારી વિશિષ્ટ પ્રકૃતિ પ્રમાણે નહીં, અથવા તમારા કે મારા નિષ્કર્ષ પ્રમાણે નહીં, પરંતુ તેને તપાસવું, તેને પ્રકટ કરવું. અને તેથી તપાસવા માટે મન મુક્ત હોવું જોઈએ. ત્યારબાદ તમે આ અજબ વસ્તુ કે જેને પ્રેમ કહેવામાં આવે છે તેને મેળવી શકો. એ પ્રેમને કોઈ ચર્ચ સાથે, કોઈ ઈશ્વર સાથે, કોઈ તારણહાર સાથે, કોઈ પ્રતીક સાથે, કોઈ વૈચારિક બાબત સાથે કશી નિસબત નથી. તે તદ્દન ભાવનાશૂન્ય છે, તેમાં રોમાંચકતા નથી, તેથી એ પ્રકારનો પ્રેમ જ વર્તમાનમાં થતી ગતિ છે જે જે છે તેનું રૂપાંતર કરે છે.

હવે જ્યારે તમે એક કલાકથી સાંભળી રહ્યા છો ત્યારે તમે તેમાંથી શું મેળવ્યું હશે તે એક પ્રશ્ન છે. કારણ કે જેની સાથે આપણે ગંભીર નિસબત છે તે માનવ મનનાં રૂપાંતરણની વાત છે. જ્યારે મનનું ખરેખર ઊંડાણમાંથી, ભીતરથી રૂપાંતરણ થાય, જ્યારે મનમાં ગહન ક્રાંતિ થાય, ત્યારે તે મન વિશ્વ સાથે એક જુદા જ પ્રકારનો સંબંધ સર્જે છે કારણ કે આપણે જ વિશ્વ છીએ અને વિશ્વ આપણે જ છીએ. હું જ વિશ્વ છું, અને આ વિશ્વ હું જ છું. આ નિર્વિવાદ હકીકત છે. અને તે અનુભવવા માટે શાબ્દિક નહીં, કોઈ ખ્યાલ પ્રમાણે નહીં, ખરેખર, જ્યારે સમગ્ર અસ્તિત્વમાં આવું રૂપાંતરણ થાય ત્યારે વિશ્વ સાથેનો આપણો સંબંધ બદલાઈ જાય છે. અને એ પરિવર્તન સંપૂર્ણ નિષ્ક્રિયતા છે. તમને આ સમજાય છે ખરું? તમે જાણો છો કે નિષ્ક્રિયતા શબ્દ સામાન્યપણે અકર્મણ્યતાના અર્થમાં લેવામાં આવે છે, જે નીરસતાનો જ એક, જતું કરવાનો ભાવ છે. તેને બદલે જ્યારે મનમાં અવ્યવસ્થા નથી હોતી અને એટલે વ્યવસ્થા હોય છે ત્યારે તેનામાં સ્વાભાવિકપણે જ પ્રચંડ ઊર્જા હોય છે. અને આ ઊર્જા કે જે ખરેખરી નિષ્ક્રિયતા છે. ત્યારે જ તે બધો સમય અહં રહિત ભાવથી કાર્ય કરી શકે છે – બધો જ સમય એટલે કે આપણા જીવનનો પ્રત્યેક દિવસ.

સાનેનમાં પાંચમો જાહેર વાર્તાલાપ – જુલાઈ, ૧૯૭૩

## શું તમે એ વાતથી વાકેફ છો કે તમારું જીવન અવ્યવસ્થિત છે?

શું તમે તમારી રોજિંદી પ્રવૃત્તિઓથી વાકેફ છો કે જેમાં એ જ નીરસતા, રોજ ઓફિસે જવાનો કંટાળો વગેરે છે? શું તમે તમારાં જીવનમાં સંસ્કૃતિ અને સભ્યતાનાં નામે અવ્યવસ્થાનાં સ્વરૂપ સમા લડાઈ–ઝઘડા, એ પાશવી અત્યાચારો, એ પરેશાની અને એ હિંસાથી વાકેફ છો? એ બધાંમાંથી તમે એકેયમાં તમારી પસંદગી મુજબની વ્યવસ્થા છે એમ તમે નહીં કહી શકો. શું તમે એ વાતથી વાકેફ છો કે તમારું જીવન અસ્તવ્યસ્ત છે? હવે જો તમે તેમાં રસ નહીં લો, તે બાબત પ્રત્યે ઉત્સાહ નહીં ધરાવો, ઉત્કટતા નહીં દર્શાવો કે વ્યવસ્થા શેમાં છે એ શોધવાનો તમારામાં ઉમંગ નહીં હોય તો એ અવ્યવસ્થામાંથી તમને જેમાં વ્યવસ્થા જેવું લાગશે તેને જ તમે પસંદ કરવાના. શું તમે પૂરેપૂરી પ્રામાણિકતાથી તમારું પોતાનું નિરીક્ષણ કરી શકો? જરા પણ દંભ વગર કે બેતરફી વલણ અપનાવ્યા વગર તમારું નિરીક્ષણ કરી શકો? શું તમે પોતે એ જાણો છો કે તમારું જીવન અસ્તવ્યસ્ત છે? અને શું તમે એ બધું બાજુએ રાખીને એ શોધી શકો કે વ્યવસ્થા શું છે? તમે જાણો છો કે અવ્યવસ્થાને બાજુ પર મૂકવી એ કાંઈ એટલું બધું મુશ્કેલ કાર્ય નથી, આપણે તેને નાટકીયપણે લઈએ છીએ અને રાઈનો પર્વત કરીએ છીએ. પરંતુ જ્યારે તમે કોઈ બહુ ખતરનાક વસ્તુ જુઓ જેમકે કોઈ ભેખડ, કોઈ જંગલી પ્રાણી, કોઈ બંદૂકધારી માણસને જુઓ ત્યારે તમે તરત જ તેનાથી દૂર ભાગો છો, શું નથી ભાગતા? ત્યારે તમે કોઈ દલીલ નથી કરતા, સંકોચ નથી રાખતાં, વાર નથી લગાડતાં, ત્યારે ત્યાં તત્ક્ષણ ક્રિયા થાય છે. જ્યારે તમારી સામે અવ્યવસ્થાનું જોખમ આવે છે ત્યારે ત્યાં તત્કાલ ક્રિયા થાય છે અને ત્યારે તેમાં બધી જ સંસ્કૃતિનો અસ્વીકાર હોય છે – એટલે કે આવી અવ્યવસ્થા સર્જનાર તમે પોતે જ છો.

*The Awakening of Intelligence*

## વૃત્ત વિશેષ

# મુંબઈમાં કેળવણીકારોને કેળવણી વિષય પર પરિસંવાદનું આયોજન

મુંબઈની સેંટ ઝેવિયર્સ કોલેજમાં ૨૦ માર્ચ, ૨૦૧૫ ના રોજ કેળવણીકારોને કેળવણી વિષય પર એક પરિસંવાદનું આયોજન થયું હતું.

ઘણા લાંબા સમયથી શિક્ષકો માટે એક એવા કાર્યક્રમની જરૂર જણાતી હતી કે જે વર્તમાન યુગના ઝડપથી બદલાતા જતા, ખાસ કરીને મુંબઈ જેવા મહાનગરોના સમાજને અનુરૂપ હોય તથા જે નવા પડકારોને પહોંચી વળી શકે તેવો અભિગમ શોધી શકે. શિક્ષક તાલીમ કોલેજો તેનાથી શક્ય એટલું સારું કાર્ય કરી રહી છે, પરંતુ સિસ્ટમ દ્વારા તેમના ઉપર એટલી બધી સમસ્યાઓ લાદવામાં આવી દીધી છે કે ન પૂછો વાત. તેથી શહેરમાં એવી વૈકલ્પિક શાળાઓની જરૂરત ઊભી થઈ છે કે જે હાલની સ્કૂલોની મુખ્ય સિસ્ટમથી નારાજ એવા મધ્યમ વર્ગના લોકોની જરૂરિયાતોને પહોંચી વળી શકે.

તેના સંદર્ભમા કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશને અધ્યયનની સાથે કેળવણીકારોને કેળવણી વિષયક એક પરિસંવાદનું આયોજન કરવાનું નક્કી કર્યું. તે એવી આશા સાથે શરૂ કરવામાં આવે છે કે તે નિયમિતપણે ચાલુ રહે તથા શિક્ષણ ક્ષેત્રે ઊભા થતા પડકારોને પહોંચી વળે. અધ્યયન શિક્ષણના ક્ષેત્રમાં એક વિશેષતા ધરાવતી સંસ્થા છે જેનું સંચાલન કવિતા આનંદ દ્વારા થાય છે. આ એક દિવસના પરિસંવાદમાં (સેમિનારમાં) ૫૦ જેટલા લોકોએ ભાગ લીધો હતો જેમાં મોટેભાગે શિક્ષણમાં રસ ધરાવતા મુંબઈની બી.એડ. કોલેજના શિક્ષકો અને વિદ્યાર્થીઓ હતા. આ સત્રનું સંચાલન કરવા માટે કબીર જયતીર્થને આમંત્રણ આપવામાં આવ્યું હતું.

શ્રી અભિજીત પડતેએ પરિસંવાદની ભૂમિકા અને તેના હેતુનો પરિચય આપ્યો અને તેમાં એ વાત ભારપૂર્વક કહેવામાં આવી કે આ પરિસંવાદનો હેતુ ઉપચારક કે આદેશાત્મક નથી પરંતુ ચિંતનાત્મક છે કે જેથી તેમાં ભાગ લેનારા લોકો કેવળ નિષ્ક્રિય શ્રોતા ન બની રહે.

શ્રી કબીરનો મુખ્ય અભિગમ શીખતાં મન તરફી હતો. અહીં એમ લાગતું હતું કે શીખતું મન એટલે તેઓ એમ કહેવા માગે છે કે મનની એવી અવસ્થા કે જે શીખવા માટે સક્ષમ હોય કૃષ્ણમૂર્તિ અને તેમના શિક્ષણ સાથે



અને દર્શન સાથે તેઓ લાંબા સમય સુધી જોડાએલા રહ્યા હોવાથી તેમણે શીખવું અને જેને આપણે કેળવણી કહીએ છીએ રીતે તદ્દન જુદી બાબત છે એ વિશે તેમણે પોતાનો દૃષ્ટિકોણ રજૂ કર્યો. તેમણે મનની અખંડતાના મહત્ત્વ પર પોતાનું વક્તવ્ય કેન્દ્રિત કર્યું. શિક્ષકનું મન અવિભાજિત (અખંડ) હોય એ બહુ મહત્ત્વનું છે. ત્યારબાદ તેમણે પોતે પ્રારંભ કરેલી સ્કૂલ વિશે પણ વાત કરી. છેવટે તેમની અને ઉપસ્થિત લોકો વચ્ચે વિચારોનું આદાન પ્રદાન થયું.

કવિતા આનંદે અધ્યયનના કાર્યક્ષેત્રનો ખ્યાલ આપ્યો. આ પરિસંવાદનાં આયોજનમાં ઘણા બધા લોકોએ સાથ-સહકાર આપ્યો. વિશેષમાં સેંટ ઝેવિયરના ફાધર લોન્સી પ્રભુએ આપણને આ કાર્યક્રમ માટે મળેલી બધી સુવિધાઓ સાથે પરિસંવાદ માટે હોલની વ્યવસ્થા કરી આપી તે ઉલ્લેખનીય છે.

અમે આશા રાખીએ છીએ કે આ પહેલ એવા આશય સાથે કરી છે કે તેમાં આજથી અને હવે પછીથી કેળવણીની પ્રક્રિયાને લગતી વિવિધ સમસ્યાઓની ઊંડી અને મુક્ત તપાસ કરવામાં આવશે.

---

## જ્યારે આપણે આદર્શની પાછળ પડીએ છીએ ત્યારે અવ્યવસ્થા સર્જાય છે

અવ્યવસ્થાની પ્રકૃતિ અને બંધારણ કેવાં છે? અહીં અવ્યવસ્થા છે, શું નથી? જ્યારે કહેવામાં કાંઈક આવે અને કરવામાં બીજું જ કાંઈક આવે ત્યારે એવા વિરોધાભાસમા અવ્યવસ્થા તો સર્જાય જ. જો તમે આ જાણતા હો તો તે સારી વાત છે. જ્યારે આપણે આદર્શ પાછળ શું હોવું જોઈએ તે વિશેની આપણી વૈચારિક બાબતોની પાછળ પડીએ છીએ ત્યારે ત્યાં વિરોધ, અવ્યવસ્થા સર્જાય છે. એટલે કે જ્યારે આપણી ભીતર ખરેખર જે બની રહ્યું હોય તેની ઉપેક્ષા કરીને આપણે કોઈ ખ્યાલ પાછળ પડીએ - એવું વિભાજન મનમાં હોય - તે અવ્યવસ્થાના કારણોમાંનું એક છે કારણ છે. બીજું કારણ માનસિક અવસ્થામાં છે, જ્યારે આપણે કહેવાતા આંતરિક જીવનમાં કોઈનું વર્ચસ્વ શોધવાની પાછળ પડીએ, કોઈ પુસ્તકનું વર્ચસ્વ, કોઈ ગુરુનું વર્ચસ્વ કે કહેવાતા આધ્યાત્મિક લોકોનાં વર્ચસ્વ પાછળ પડીએ ત્યારે અવ્યવસ્થા ઉદ્ભવે છે.

*માપ વિનાનુ મન*

## આપણી આંતરિક અવ્યવસ્થાનું મૂળ કારણ

વિશ્વ પરંપરાગત અભિગમનો સ્વીકાર કરે છે અને તેને અનુસરે છે. આપણી અંદરની અવ્યવસ્થાનું મૂળ કારણ દ્વારા આપવામાં આવેલી સારા ભવિષ્યની આશા પાછળ દોડીએ છીએ તે છે. જે આપણને સુખ-સગવડભર્યા આધ્યાત્મિક જીવનની ખાતરી આપે એટલે આપણે બીજાને યાંત્રિકપણે અનુસરીએ છીએ. એ સહુથી અસાધારણ બાબત એ ગણાય કે મોટાભાગના લોકો રાજકીય જુલમ અને સરમુખત્યારશાહીનો વિરોધ કરતા હોય છે, પણ આંતરિકપણે તેઓ બીજાની એવી સરમુખત્યારશાહીને સ્વીકારતા હોય છે. આપણે આપણાં મનને મચડીએ છી અને આપણી જીવનશૈલીને મરોડીએ છીએ. તો, જો આપણે બૌદ્ધિકપણે કે કહેવાતી બધી જ આધ્યાત્મિક સત્તાનો, બધી જ ધાર્મિક વિધિઓનો, કર્મકાંડોનો અને સૈદ્ધાંતિક માન્યતાઓનો પણ ખરેખર સંપૂર્ણપણે અસ્વીકાર કરીએ, એટલે કે આપણે એકલા ઊભા રહીએ અને સમાજના વિરોધમાં રહીએચ તેથી હવે આપણે આદરપાત્ર માણસ નથી રહેતા. આદરપાત્ર માણસ કદાચ એ અનંત, અપરિમેય પરમ વાસ્તવિકતાની નજીક ન આવી શકે.

*જ્ઞાત વિસર્જન*

# ફાઈન આર્ટસનાં વિદ્યાર્થીઓ સાથે સંવાદ




મુંબઈની સર જે.જે.સ્કૂલ ઓફ આર્ટસમાં ૨૦૧૪ સપ્ટેમ્બરથી દરેક મહિનાની બપોરે, ૨૦૧૪ સપ્ટેમ્બરથી શરૂ થયેલા સંવાદના આ કાર્યક્રમમાં કૃષ્ણમૂર્તિના વિચારો પર અદ્‌ભુત સંવાદો અને ધ્યાન થાય છે.

ફાઈન આર્ટસના વિદ્યાર્થીઓ અને બીજા ગંભીર શ્રોતાઓ આ સ્કૂલના ઓડિટોરિયમમાં થતાં સંવાદોમાં ભાગ લેતા આવ્યા છે. આ સંવાદોનો દોર સંભાળવામાં ઈન્દોરના ડો. સમીર ગોલવલકર મદદરૂપ બને છે.

૨૮ સપ્ટેમ્બર, ૨૦૧૪ ના રોજ પરિચયાત્મક વાર્તાલાપ થયો હતો. ડો. સમીરે ફિલોસોફી શા માટે વિષય પસંદ કર્યો હતો. આ કાર્યક્રમ પાવર પોઈન્ટની સ્લાઈડ્સ સાથે બે કલાક સુધી ચાલ્યો હતો. વિદ્યાર્થીઓના મનમાં તત્ક્ષણ જે પ્રશ્નો ઉદ્‌ભવ્યા તે પૂછ્યા હતા. કાર્યક્રમનું સમાપન વિડિયો ફિલ્મ ધ ચેલેન્જ ઓફ ધ ચેન્જ ના અંશો દર્શાવી કરવામાં આવ્યું હતું.

ત્યારબાદના મહિનાઓમાં પણ આ કાર્યક્રમ ચાલુ રહ્યો હતો જેમાં પ્રેમ અને સંબંધો તથા હિંસા જેવા વિષયો પર સંવાદો થયા હતા. ઓળખ, કરુણા અને ઈચ્છા વિશે પણ ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને માનવીના અસ્તિત્વ સાથે સંબંધિત મૂળભૂત સમસ્યાઓ વિશે તપાસ કરવાની તક મળી હતી. આ સમસ્યાઓનું સમાધાન શ્રોતાઓના રોજિંદા જીવન સાથે ઉંમરને અનુરૂપ ઉદાહરણો આપીને કરવામાં આવ્યું હતું.

દર મહિને ચાલતી સંવાદોની આ શ્રેણી પૂર્વ આયોજિત રહેતી હતી અને તે આખું વર્ષ ચાલુ રહી હતી.

આ કાર્યક્રમ પ્રો. સાબલે, ડીન અને સુશ્રી સ્નેહલના સહકારથી શક્ય બન્યો હતો.

રચના સંસદના ફાઈન આર્ટસ ડિપાર્ટમેન્ટમાં ફેબ્રુઆરી, ૨૦૧૫ થી આવા જ પ્રકારના વાર્તાલાપોનું આયોજન થાય છે. શ્રી દામલેના સક્રિયપણે ભાગ લેવાથી આ પહેલમાં વિદ્યાર્થીઓ સાથેની સ્વસ્થ વાતચીત જીવંત અને રસપ્રદ બની હતી. રોજેરોજ જીવાતાં જીવનની સમસ્યાઓમાં ઉત્સાહથી ઊંડા ઊતરવાની વૃત્તિએ આ વાર્તાલાપોને સતત ચાલુ રાખવાનું શક્ય બનાવ્યું. નજીકના ભવિષ્યમાં જેનું આયોજન થવાનું છે તે ચોથા પરિસંવાદને વધારે અર્થસભર બનાવવા અને પોતાની અંતદૃષ્ટિ વિકસાવવા માટે બાળકો અને સંચાલકો ઉત્સુક છે.

આથી આપણને એ સમજાય છે કે જે. કૃષ્ણમૂર્તિનું શિક્ષણ ફક્ત અમુક સમય પૂરતું મર્યાદિત નથી. તેમના દ્વારા જે સમસ્યાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે આજના સમયમાં પણ એટલી જ પ્રસ્તુત છે. વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવતા પ્રશ્નો મોટેભાગે આવડત ઉપર આધારિત આધુનિક શૈક્ષણિક પદ્ધતિને લગતા હોય છે. અને એ પ્રશ્નોમાં આપણી જાતે જ ઊંડા ઊતરવાની અને તેને સમજવાની અપાર સંભાવનાઓ છે. તે એ હકીકતનો સ્વીકાર કરે છે કે તે પદ્ધતિ અસ્તિત્વની સમસ્યાઓને પહોંચી વળવામાં મદદરૂપ થવા માટે અપૂરતી છે. આ અંગે લોકો સાથે વાતચીત કરવાથી આવા સંઘર્ષમાંથી મુક્ત થવા માટે મદદ મળી શકે.

જે રીતે ડો. ગોલવલકર ઈન્દોરથી આવીને નિષ્ઠાથી, ઉત્સાહપૂર્વક, કાળજી રાખી પ્રેમપૂર્વક આ કાર્યક્રમ માટે જે ભોગ આપે છે તેથી તેમનામાં યુવા વિદ્યાર્થીઓ સુધી કૃષ્ણમૂર્તિનું શિક્ષણ પહોંચે તે માટે કેટલી ઉત્કટતા છે એ સ્પષ્ટ થાય છે.

## શ્રદ્ધાંજલિ

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા, મુંબઈની એક્ઝિક્યુટિવ કમિટિના સભ્ય અને સેક્રેટરી શ્રી વિશ્વનાથ દુકળે ૧૭ મી ફેબ્રુઆરી, ૨૦૧૪ ના રોજ ૯૫ વર્ષની વયે તેમના મુંબઈના નિવાસસ્થાને શાંતિથી મૃત્યુ પામ્યા.





શ્રી દુકળે કૃષ્ણજીના શિક્ષણમાં ઊંડો રસ ધરાવતા હતા અને નિવૃત્તિ બાદ તેમણે પોતાનું જીવન સંપૂર્ણપણે કૃષ્ણજીના શિક્ષણના પ્રચાર-પ્રસારનાં કાર્યને જ સમર્પિત કર્યું હતું. તેઓ મુંબઈમાં વિવિધ સ્થળોએ સમૂહચર્ચાનો પ્રારંભ કરવામાં મોખરે રહેતા હતા, જેમાં તેમણે આવા પ્રથમ સંવાદની શરૂઆત ન્યૂ એરા સ્કૂલથી કરી હતી. તેમણે કૃષ્ણજીના શિક્ષણ વિષયક ઘણાં પુસ્તકોના મરાઠી અનુવાદોને પ્રકાશિત કરાવવા માટે ખૂબ જહેમત ઉઠાવી હતી. તમામ અવરોધોનો સામનો કરીને તેમણે બદલાપુરમાં આનંદવિહાર કૃષ્ણમૂર્તિ સ્ટડી સેન્ટરની સ્થાપના કરવામાં અને તેને વિકસાવવામાં આપેલો ફાળો અમૂલ્ય હતો. તેઓ કે ના શિક્ષણના પ્રચારના કાર્ય માટે ખૂબજ ખેવના રાખતા હતા તેમજ યુવા પેઢીને આ પ્રવૃત્તિમાં રસ લેતા કરવા માટે તેઓ સવિશેષ પ્રયત્નો કરતા હતા. તેઓ મુંબઈના કૃષ્ણમૂર્તિ મિત્ર-વર્તુળ (ફ્રેન્ડ સર્કલ) માટે પ્રેરક પરિબળ હતા. શ્રી દુકળેજીને અંતરમેળની ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ.



# પાલર સ્ટડી સેન્ટરનું ઉદ્‌ઘાટન

કૃષ્ણમૂર્તિ એજ્યુકેશન સેન્ટર ચેન્નઈથી લગભગ ૭૫ કિમી. દૂર આવેલાં વલ્લીપુરમ ગામ પાસે સ્થપાયું છે. આ કેન્દ્રમાં નાની નિવાસી પાઠશાળા છે, તેમાં આસપાસના લોકો સુધી પહોંચતા કાર્યક્રમો છે અને હવે કૃષ્ણમૂર્તિ સ્ટડી સેન્ટર (અધ્યયન કેન્દ્ર). નવું સ્થાપવામાં આવેલું આ સ્ટડી સેન્ટર – પાલર સ્ટડી સેન્ટર શાળાનાં પરિસરમાં જ સ્થિત છે અને તેનું ઉદ્‌ઘાટન ૩ જી એપ્રિલે થયું છે. એ સમારંભમાં ટ્રસ્ટીઓ, વહીવટી સમિતિના સભ્યો અને ભારતભરમાંથી ૬૦ થી વધારે માતા-પિતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

પાલર નદીનું પાણી વર્ષોથી કર્ણાટક, આંધ્રપ્રદેશમાં અને તામિલનાડુમાં વહે છે જે આજ પર્યંત એટલું જ તાજગીસભર, મીઠું અને શુદ્ધ છે. આ નદીના નામ ઉપરથી અધ્યયન કેન્દ્રનું નામ રાખવા પાછળનો ઉદ્દેશ એ સૂચવવાનો છે કે આ જીવનદાયક જળ અતિ મૂલ્યવાન છે તે લોકો સમજે. આ કેન્દ્રના નામ પાછળ શૈક્ષણિક કેન્દ્ર (સ્ટડી સેન્ટર) શબ્દો પ્રયોજવાનો હેતુ એ છે કે આ સ્થળ શિક્ષણને મહત્વ આપે છે અને તે એક નિરંતર ચાલતી પ્રવૃત્તિ છે તે સમજાવવાનો છે. આ પ્રવૃત્તિ પાલર નદીના નિરંતર વહેતા પ્રવાહ જેવી છે અને આ શિક્ષણ પણ આજીવન ચાલુ રહે તેવું છે એમ જોઈએ તો આ નામ બહુ જ સુયોગ્ય લાગે છે.

આ સ્થળે બાળકોનાં નૃત્ય સાથે પિપળાના રોપા લાવીને રોપવામાં આવ્યા છે. આ રોપાને રોપવાનો ઉત્સવ વનમહોત્સવ તરીકે ઉજવવામાં આવ્યો હતો. પ્રાર્થના કર્યા પછી ઉદ્‌ઘાટન નિમિત્તે કેએફઆઈના સ્ટડી સેન્ટર સમિતિના સેક્રેટરી ડો. ગજાનન રાવ, કેએફઆઈના ટ્રસ્ટી શ્રી ઓ.આર.રાવ, આ શાળાના ભૂતપૂર્વ શિક્ષિકા અને શુભેચ્છક શ્રીમતી સુચિત્રા રામકુમાર, યુવાન સિનીઅર વિદ્યાર્થી અને તાલિમાર્થી શિક્ષક શ્રી રમેશ તથા પાઠશાળાના કાર્યકારી હેડ માસ્તર વગેરેએ દીપ-પ્રાગટ્ય કર્યું હતું. આ કેન્દ્રમાં વસંત વિહાર દ્વારા આપવામાં આવેલાં પુસ્તકો અને વિડિયોનો સુંદર સંગ્રહ છે.

કેએફઆઈ પબ્લિકેશન્સનાં સેક્રેટરી શ્રી કે.કૃષ્ણમૂર્તિએ સ્કૂલ કેમ્પસમાં સ્ટડી સેન્ટરની જરૂરિયાત વિશે પ્રવચન આપ્યું હતું. તેમણે કહ્યું કેઃ કૃષ્ણમૂર્તિએ ૧૯૩૩ માં જે કહ્યું હતું તેના પરથી જ જવાબનો સાર પામી શકાય. રાજઘાટ બેસન્ટ સ્કૂલમાં યોજાયેલા એક સંવાદ દરમિયાન એક વ્યક્તિએ તેમને પૂછ્યુંઃ તમે શિક્ષણનાં સિદ્ધાંતો કેમ નક્કી નથી કરતાં? ત્યારે કૃષ્ણમૂર્તિનો પ્રતિભાવ મેધાવી અને સ્પષ્ટ હતોઃ હું અંગતપણે કેળવણીનાં સિદ્ધાંતો નક્કી ન કરી શકું. હું તેમ કરવાનો પણ નથી કારણ કે મારા વાર્તાલાપોમાં હું જે કાંઈ કહું છું તેમાં તે સિદ્ધાંતોનો તેમાં સ્વાભાવિકપણે જ સમાવેશ થઈ જ જાય છે. અને મને એમ લાગે છે કેજો તેને સમજી લેવામાં આવે તો તેને સામાજિકપણે, શૈક્ષણિકપણે અને રાજકીયપણે અપનાવી શકાય અને માનવજીવન જેની સાથે સંકળાયેલું છે તેવી જીવનને લગતી દરેક બાબતમાં પણ તેને અપનાવી શકાય.

એક દશકા પછી, ૧૯૭૭ માં કૃષ્ણમૂર્તિએ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા, યુકે, યુએસએ અને કેનેડાના ટ્રસ્ટીઓની એક મિટિંગમાં સંબોધન કરતા તેમનો મુદ્દો વધારે સ્પષ્ટ કરતા, પુખ્ત વયના લોકો માટે સ્ટડી સેન્ટર સ્થાપવાના મહત્વ વિશે આગ્રહપૂર્વક કહ્યું હતું કેઃ એક આશ્રમ અને શાળા એકસાથે ચાલતાં હોવાં જોઈએ કે જેથી શાળાને હું જેનો મારા વાર્તાલાપોમાં, લખાણોમાં અને સંવાદોમાં ઉલ્લેખ કરું છું તેવા હૃદયપૂર્વક અભ્યાસને અને જીવનમાં જીવાતાં સત્યોને વરેલા હોય એવા યોગ્ય પ્રકારનાં શિક્ષકો મળી રહે.

તેમણે એ સ્પષ્ટતા પણ કરી હતી કે સ્ટડી સેન્ટર કેવળ કે ની સ્કૂલના શિક્ષકો માટે જ નહીં, પરંતુ શિક્ષણમાં રસ ધરાવતી અને તેમાં આગળ વધવા માગતી કોઈપણ વ્યક્તિ માટે ખુલ્લું હોવું જોઈએ. ઘર અને ઓફિસની એકધારી નીરસ પ્રવૃત્તિઓથી કંટાળી ગયેલો સામાન્ય માણસ પણ આ સુંદર વાતાવરણમાં સ્વસ્થતા અને શાંતિ પામવા આ સ્ટડી સેન્ટરમાં આવી શકે તેવું હોવું જોઈએ.

શિક્ષણને જુદી જુદી રીતે વર્ણવતા તેમણે કહ્યુંઃ જીવંત ઊર્જાનો એવો સ્રોત કે જે બારમાસી નદીની જેમ વહેતો હોય, એક પવિત્ર ખજાનો, સોનાની ખાણ વગેરે. તેમણે પોતાની આસપાસના લોકોને પૂછ્યું પણ હતું કે : શું તમે સોનાની ખાણના પ્રવેશદ્વાર પાસે આવીને માત્ર ઊભા જ રહેશો કે પછી તેમાં જઈ ઊંડા ઊતરીને સોનું કાઢતા જશો?

શ્રી કે. કૃષ્ણમૂર્તિએ એમ પણ કહ્યું કેઃ ૧૯૮૫ માં કૃષ્ણમૂર્તિના જીવનનાં અંતિમ દિવસોમાં કે ને તેમના વાર્તાલાપ દરમિયાન પૂછવામાં આવ્યું કે અત્યારે જે છે તે શાળાઓમાં શિક્ષણ અને અભ્યાસને લગતી બધી જ સુવિધાઓ હોવા છતાં તેઓ એડલ્ટ સ્ટડી સેન્ટર સ્થાપવા જેવી નવી બાબતનો આગ્રહ શા માટે સેવે છે. ત્યારે જવાબમાં કૃષ્ણમૂર્તિએ સ્ટડી સેન્ટર વિશેનું તેમનું દૂરંદેશીપણું સ્પષ્ટપણે જણાવતા કહે છેઃ હું એમ કહીશ કે એ કોઈ નવી વાત નથી. હું જોઉં છું તે પ્રમાણે સ્ટડી સેન્ટર હોવું એક જરૂરિયાત બની ગયું છે કારણ કે એ એવું સ્થળ છે કે જ્યાં જ્ઞાનનો ખજાનો છે. એ ખજાનામાંથી તમે લેવાય તેટલું લઈ શકો. તમે તમારી શક્તિ, ઊર્જા મેળવી શકો, તમારું ગુજરાન ચલાવી શકો, તમે પોષણ મેળવી શકો...વગેરે વગેરે. શાળાઓને તેની મર્યાદા હોય છે, ખરું? કઈ રીતે કહેવું તેની મને ખબર નથી, પરંતુ અહીં જ એવું કાંઈક છે જે પવિત્ર છે – અત્યારે આપણે એમ જ કહીએ – અને તેમાંથી જ બધું પ્રવાહિત થાય છે.

શ્રી કે. કૃષ્ણમૂર્તિએ સમાપન કરતાં કહ્યું કે આપણે પાલર સ્ટડી સેન્ટર માટે એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે જે કેએ વસંત વિહાર માટે કહી હતીઃ તે હજાર વર્ષ સુધી ટકવું જ જોઈએ, અદૂષિત, તેનામાં નદીની જેમ પોતાને સ્વચ્છ કરનાની ક્ષમતા હોવી જોઈએ.

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયાના સેક્રેટરી શ્રી એસ.પી.કંદાસ્વામીએ શિક્ષણનાં મહત્વ વિશે કહ્યું. આ પ્રસંગે કેટલાક વાલીઓએ પણ પ્રસન્નતાપૂર્વક પોતાની ભાવના વ્યક્ત કરી. અમુક લોકો કે જેમાણે વારાણસી માં ૧૯૫૪ માં વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ વખતે નાનાં બાળકો તરીકે ભાગ લીધો હતો તેમણે પણ પોતાના વિચારો પ્રસ્તુત કર્યા.

આ મિટિંગ 'ધ ચેલેન્જ ઓફ ચેન્જ' (પરિવર્તનનો પડકાર) વિડિયો સાથે પૂરી થઈ. ત્યારબાદ, ઉપસ્થિત આમંત્રિતો, ફાઉન્ડેશનના સભ્યો અને કેટલાક શિક્ષણશાસ્ત્રીઓ તથા અભ્યાસુઓ સ્ટડી સેન્ટરની ખુલ્લી અગાસી પર શીતળ ચાંદનીમાં સંવાદ માટે એકત્રિત થયા હતા. અસીમ આકાશની વિશાળતા અને હવાના મૃદુ સ્પર્શે એ પળોને યાદગાર બનાવી દીધી.

# ત્યારે એ પસંદગીની વ્યવસ્થાનો આધાર તો અવ્યવસ્થા જ હોય છે

આપણી પાસે હજુ આજે અને આવતીકાલે સવારે બે વધારે વાર્તાલાપો કરવાનો સમય છે. મને લાગે છે કે આપણે સાથે મળીને આ વિશ્વમાં શાંતિથી જીવવું શક્ય છે કે નહીં એ વિષય પર વાત કરવી જ જોઈએ. કરું કે નહીં? જેના પર માણસ વસે છે તે પૃથ્વી પર જે કાંઈ બની રહ્યું છે તે વિશે વિચારતાં જણાય છે કે માણસે યુદ્ધો અને ઘણી ભયાનક વસ્તુઓ કરીને ગજબની અંધાધૂંધી સર્જી છે. આ કોઈ નિરાશાવાદી કે આશાવાદી દૃષ્ટિબિંદુ નથી, પરંતુ આ તો જેવી છે તેવી હકીકતોનું માત્ર અવલોકન છે. દેખીતી રીતે જ આ પૃથ્વી પર શાંતિ હોય કે આપણાં જીવનમાં આપણે એકબીજા સાથે મિત્રભાવે અને પ્રેમથી રહીએ એ શક્ય નથી. પોતાની સાથે અને વિશ્વમાં સહુ સાથે શાંતિથી રહેવા માટે આપણામાં પુષ્કળ પ્રમાણમાં પ્રજ્ઞા હોવી જોઈએ. આ કાંઈ કેવળ શાંતિની ધારણા રાખીને શાંતિપૂર્ણ જીવન જીવવાની મથામણ કરવાની કે જેમાં જીવન કેટલેક અંશે સાવ નિષ્ક્રિય બનાવી દેવાની વાત નથી. પરંતુ આ વાત તો છે એ તપાસ કરવાની કે શું આ વિશ્વમાં કે જેમાં અવ્યવસ્થા છે, જૂની ફેશનનો શબ્દ વાપરીને કહીએ તો જેમાં અન્યાય છે, તેમાં ચોક્કસ ગુણવત્તા ધરાવતાં મન અને હૃદય ખુદ સાથે અને શાંતિપ્રિય લોકો સાથે જીવવું શક્ય છે? અનંત મથામણ કરતું જીવન નહીં, સંઘર્ષરત, સ્પર્ધા કરતું, અનુસરતું અને અનુપાલન કરતું જીવન નહીંઃ સંતુષ્ટ કે સભર જીવન નહીં, એવું જીવન નહીં કે જેમાં તમે કોઈ પરિણામ, ખ્યાતિ, થોડી અપકિર્તી કે થોડી સંપત્તિ મેળવો. પરંતુ એવું જીવન કે જે શાંતિની ગુણવત્તા ધરાવતું હોય. આપણે સાથે મળીને, તપાસ કરીને, એ શોધી કાઢવાની જરૂર છે કે શું જેમાં શાંતિ હોય એવું જીવન જીવવું કોઈપણ રીતે શક્ય છે ખરું? કેવળ મનની શાંતિ નહીં, તે તો શાંતિનો બહુ જ નાનો અંશ છે, પરંતુ એવી શાંતિ કે જે વિશિષ્ટ પ્રકારની ગુણવત્તા ધરાવતી હોય, જે અવિચલ, અત્યંત જીવંત હોય એવી શાંતિથી જીવન જીવવું શક્ય છે ખરું? જેમાં ગૌરવનો ભાવ હોય અને અસભ્યતાનો કોઈ અંશ ન હોય એવું જીવન જીવવું શક્ય છે?

ઘોર અવ્યવસ્થાથી ઘેરાયેલી તમારી જાતને તમે ક્યારેય એ પ્રશ્ન પૂછ્યો છે? મને લાગે છે કે બહાર ફેલાયેલી સંપૂર્ણ અવ્યવસ્થાની હકીકત વિશે આપણે બદ્ધ જ સ્પષ્ટ હોવા જોઈએ. રોજ સવારે તમે છાપામાં કોઈ ભયંકર ઘટના વિશે વાંચો છો, બીજીવાર ઈંધણ લીધા વગર પૃથ્વીના એક છેડેથી બીજા છેડા સુધી ઊડી શકે તેવી ક્ષમતા અને ચકિત કરી દે તેવી ઝડપ ધરાવતા વિમાનો, અત્યંત વજનદાર બોમ્બ અને ગેસના બાટલા લઈને જતા વિમાનો કે જે ઘડીના છઠ્ઠા ભાગમાં સર્વનાશ નોતરી શકે એવું બધું છાપામાં વાંચીએ છીએ. માનવી ક્યાં આવી પહોંચ્યો છે તેનું નિરીક્ષણ કરતાં અને એવા અનુભવો જોઈએ તો તમે જાણે કોઈ અજુગતો પ્રશ્ન પૂછ્યો હોય તેવું લાગે. અને કદાચ તમે એમ પણ કહો કે આ વિશ્વમાં સમસ્યા વગર જીવવું, સાવ નિસ્વાર્થ જીવન જીવવું અને આંતરિકપણે અવિચલ રહેવું બિલકુલ શક્ય નથી. જો આ વિશેની ચર્ચાથી, શબ્દોથી, વાતચીતથી શાંતિથી જીવન જીવવાનો ઉપાય ન શોધી શકાય તો તેનો કોઈ અર્થ નથી. તે માટે પ્રજ્ઞા હોવી જોઈએ, કોરી કલ્પના નહીં, ધ્યાન જેવા કોઈ વિશિષ્ટ દિવાસ્વપ્નમાં રાચવાનું નહીં, આત્મસંમોહન જેવા કોઈ સ્વરૂપનું કાંઈ નહીં પરંતુ પ્રજ્ઞા. તેથી હવે આપણે એ પૂછવું જોઈએ કે પ્રજ્ઞા શું છે? આપણે તે દિવસે કહ્યું હતું તેમ જે ભ્રામક છે, જે અસત્ય છે, જે વાસ્તવિક નથી તે સમજીને તેને દૂર કરવું તે પ્રજ્ઞા છે. ફક્ત અસત્યનું સમર્થન કરવું અને જે ચાલતું હોય તે ચાલવા દેવું એવું નહીં પરંતુ તેને સદંતર કાઢી નાખવું તે પ્રજ્ઞા છે. તે સત્ય જોઈને અસત્યને કાઢી નાખવું તે પ્રજ્ઞા છે. પરંતુ તેનું સમર્થન કરવું અને તે ચાલુ રાખવું એ મૂર્ખતા છે, તે અનિવાર્ય રૂપે મૂર્ખતાનો ભાગ છે. તેનાથી અવ્યવસ્થા સર્જાય છે. આમ પ્રજ્ઞા છે કે તે નથી – આપણે સાથે મળીને વાતચીત કરી રહ્યા છીએ, હું એમ નથી કહેતો કે તે છે, અથવા તે નથી, આપણે ખૂબ જ ગંભીરતાથી આ પ્રશ્નની તપાસ કરી રહ્યા છીએ. માણસના જીવનમાં સંપૂર્ણ વ્યવસ્થા અને શાંતિ સ્થાપી શકે તેવી એકમાત્ર પ્રજ્ઞા કઈ છે? અને આપણે કહ્યું કે તે ત્યારે જ ઉદ્ભવે કે જ્યારે પ્રજ્ઞાની આ અસાધારણ ગુણવત્તા હોય. પ્રજ્ઞા કાંઈ ચાતુર્યભરી દલીલોની શોધ નથી, જ્ઞાનનો વિરોધ કરતી બાબત નથી, વિરોધાભાસી મંતવ્યો આપીને એ મંતવ્યોમાંથી સત્ય શોધવાની વાત નથી, એ તો અશક્ય છે, પરંતુ વિચારની એ પ્રવૃત્તિને તેની પૂરેપૂરી ક્ષમતા સાથે, તેની સંપૂર્ણ સૂક્ષ્મતા સાથે, તેની અસાધારણ વૈચારિક વિસ્તાર સાથે પ્રજ્ઞા નથી એ સમજવું. પ્રજ્ઞા વિચારના ક્ષેત્રની બહારની બાબત છે. કૃપા કરી વક્તા સાથે સહમત ન થાઓ. આપણે તેમાં ઊંડા ઊતરીએ છીએ, તેને તપાસીએ છીએ.

આમ શાંતિમય જીવન જીવવા માટે આપણે અવ્યવસ્થા શું છે એ શોધી કાઢવું જોઈએ. શા માટે આપણે માનવીઓ અસાધારણપણે વિકસિત થવા જોઈતા હતા તેવા નથી થયા? મને શંકા છે કે માણસ અમુક ચોક્કસ દિશામાં અસાધારણપણે સક્ષમ થયો છે પરંતુ શા માટે તે અવ્યવસ્થાને પોતાનાં રોજિંદા જીવનમાં બરદાશ્ત કરી લે છે અને એવી પરિસ્થિતિમાં જીવે છે? જો આપણે આ અવ્યવસ્થાનું મૂળ, એનું કારણ શોધી કાઢીએ અને તેનું કાળજીથી નિરીક્ષણ કરીએ તો એ નિરીક્ષણમાં જ પ્રજ્ઞાની જાગૃતિ છે. તેમાં એવું નથી કે ક્યાંક વ્યવસ્થા છે અને આપણે તેને મેળવવા માટે મહેનત કરવાની છે. એટલે કે, અવ્યવસ્થાથી ગૂંચવાયેલું મન, મગજ અથવા જીવનની પ્રવૃત્તિ – મનની એવી વિરોધાભાસી અવસ્થા વિરોધ કરે છે. એવું મન વ્યવસ્થા મેળવશે તો પણ તે બીજા સ્વરૂપની અવ્યવસ્થા જ હશે. આપણે આ બાબતને પૂરી સમજીએ છીએ કે નહીં તે હું નથી જાણતો. હું ગૂંચવાઈ ગયો છું, અચોક્કસ છું, એક વસ્તુથી બીજી વસ્તુ તરફ ભાગું છું. હું કેટલીયે સમસ્યાઓથી ઘેરાયેલો છું અને તેનો બોજો અનુભવું છું. આવું જીવન, આવું મન, આવી જીવનશૈલીમાંથી હું વ્યવસ્થા ઈચ્છું છું. તો મારી એ વ્યવસ્થા મારી ગૂંચવણમાંથી ઉત્પન્ન થઈ હશે અને તેથી તે તો ગૂંચવણભરી જ રહેશે. મને ખબર નથી કે આપણે આ બાબતને જોઈ ગયા છીએ કે નહીં. ખરું?

જ્યારે હું અવ્યવસ્થામાંથી વ્યવસ્થા કે પસંદ કરું ત્યારે એ પસંદગીની વ્યવસ્થાનો આધાર તો અવ્યવસ્થા જ હોય છે. હવે આ વાત સ્પષ્ટ થઈ છે તો અવ્યવસ્થા શું છે, તેનું કારણ શું છે? આપણે કહ્યું તેમ તેનાં ઘણાં કારણો છેઃ સંતેષવાની બાકી એવી અધૂરી રહેલી ઈચ્છા પૂરી નહીં થાય તો – એવી ચિંતા, વિરોધાભાસો વચ્ચેનું જીવન, કહેવું કાંઈક અને કરવું બીજું જ કાંઈક, ઈચ્છાનું દમન કરવું અને કાંઈક મેળવવું વગેરે આવી બધી બાબતો માણસની અંદરના વિરોધાભાસો છે. અને આવાં ઘણાં કારણો શોધી શકાય. આવી શોધના પણ અનંત કારણો હોઈ શકે. તેવામાં જો આપણે આપણને પોતાને પૂછી શકીએ કે આ બધાં કારણોમાં મુખ્ય કારણ કયું છે, શું તેનાં મૂળમાં કોઈ એક કારણ છે? દેખીતી રીતે તે હોવું જ જોઈએ. અને આપણે કહીએ છીએ કે આનું મૂળ કારણ આપણે પોતે જ છીએ, આ હું, આપણો અહં, આપણું વ્યક્તિત્વ કે જેને મન વિચાર દ્વારા, સ્મૃતિ દ્વારા, વિવિધ અનુભવો દ્વારા, અમુક ચોક્કસ શબ્દો દ્વારા, અમુક વિશેષતા એકત્રિત કરે છે. તેથી અલગ કે એકલા હોવાની લાગણી અનુભવાય છે. આ જ છે અવ્યવસ્થાનું મૂળ કારણ. ભલે આપણો હું હું ન હોવાનો પ્રયત્ન કરે તેમ છતાં તે હું ની જ શોધ છે. બરોબર? ભલે એ હું પોતાને રાષ્ટ્ર સાથે ઓળખાવે, કોઈ મોટી વસ્તુ સાથે ઓળખ પણ મોટો કે ભવ્ય બનાવવામાં આવેલો હું જ છે. અને આપણે સહુ જુદી જુદી રીતે એ જ કરી રહ્યા છીએ. આમ અહીં હું છે, સ્વ છે કે જે વિચાર દ્વારા સર્જાયો છે તે જ આપણે જેમાં

(પાન ૧૦ પર...

# અવ્યવસ્થા મૂળમાં સંઘર્ષ, પોતાની અદંરનો અંતર્વિરોધ છે

આપણે જેમાં રહીએ છીએ તે બાહ્ય વિશ્વમાં વ્યવસ્થા સ્થાપવા માટે આપણે રાજકીયપણે, કાયદા દ્વારા અને સામાજિકપણે પ્રયત્ન કરીએ છીએ પરંતુ આંતરિકપણે આપણે ગૂંચવાયેલા, અચોક્કસ, ચિંતિત અને વિરોધાભાસમાં રહીએ છીએ. આંતરિક વ્યવસ્થા વગર માનવ જીવન હંમેશાં જોખમમાં રહેશે.

વ્યવસ્થાનો અર્થ આપણે શું કરીએ છીએ? સર્વોપરિ અર્થમાં આપણે અખિલ વિશ્વનો જે અર્થ કરીએ છીએ તેમાં ક્યાંય અવ્યવસ્થા નથી. પ્રકૃતિ ભલે માણસ માટે ગમે તેટલી ભયાવહ હોય, પરંતુ તે હંમેશાં વ્યવસ્થિત હોય છે. માણસો જ્યારે તેમાં બાધારૂપ બને ત્યારે જ તેમાં અવ્યવસ્થા સર્જાય છે. અને કેવળ માણસ જ આદિકાળથી અવિરત સંઘર્ષ અને વિરોધાભાસમાં હોય તેવું લાગે છે. સૃષ્ટિને તેના સમયની આગવી ગતિ છે. જ્યારે માણસ પોતાના જીવનને વ્યવસ્થિત કરે છે ત્યારે જ તે આ શાશ્વત વ્યવસ્થાને સમજી શકશે.

માણસ શા માટે અવ્યવસ્થાનો સ્વીકાર કરે છે? અને શા માટે તેને સહી લે છે? શા માટે તે જેને પણ સ્પર્શે છે તે બગડી જાય છે, ભ્રષ્ટ થઈ જાય છે કે ગૂંચવણભર્યું બની જાય છે? શા માટે માણસે પ્રાકૃતિક વ્યવસ્થાને-વાદળાંની, પવનની, પશુ-પ્રાણીઓની અને નદીઓની વ્યવસ્થાને ઉથલાવી નાખી છે? આપણે અવ્યવસ્થા એટલે શું અને વ્યવસ્થા એટલે શું તે શીખવું જોઈએ. અવ્યવસ્થા અનિવાર્યપણે વિરોધ છે, આંતરિકપણે તે વિરોધ સર્જે છે અને એ વિરોધ બનવું અને હોવું વચ્ચેનું વિભાજન છે.

*The Whole Movement of Life is Learning*

## 'ઓરડાને વ્યવસ્થિત રાખો'

શબ્દોમાં આપણે આટલે સુધી જ જઈ શકીએ : જે તેને પેલે પાર પડ્યું છે તેને શબ્દોમાં મૂકી શકાય નહિ. કારણ કે શબ્દો એ પદાર્થ નથી. અહી. સુધી આપણે વર્ણન કરી શકીએ અથવા સમજૂતી આપી શકીએ પણ શબ્દો અથવા સમજૂતી દ્વાર ઉઘાડી શકે નહીં.

આપણે કેવી રીતે બોલીએ છીએ, આપણે શું, બોલીએ છીએ, આપણે કેવી રીતે ચાલીએ છીએ, આપણે શું, વિચારીએ છીએ એ વિષેની જાગૃતિ દ્વારને ઉઘાડશે. તે એક ઓરડાને સ્વચ્છ અને વ્યવસ્થિત રાખવા જેવું છે. ઓરડાને વ્યવસ્થિત રાબવો તે એક અર્થમાં મહત્ત્વનું છે અને બીજા અર્થમાં તદ્દન બિનમહત્ત્વનું છે. ઓરડામાં વ્યવસ્થા હોવી જોઈએ પણ વ્યવસ્થા બારણું અથવા બારી ઉઘાડશે નહિ. તમારી ઝંખના અથવા ઈચ્છા દ્વારને નહિ ઉઘાડે. જે પેલે પાર બીજું છે તેને તમે આમંત્રી શકો નહિ. તમે ઓરડાને માત્ર વ્યવસ્થિત રાખી શકો. વ્યવસ્થા ખાતર નહિ. ડાહ્યા, બુદ્ધિમાન અને વ્યવસ્થિત થવું અને પાછા કદાચ તમે જો ભાગ્યશાલી હો તો બારી ઊઘડશે અને સમીરની લહરી અંદર આવશે અથવા તેમ ન પણ થાય. તમારા મનની અવસ્થા ઉપર આધાર છે. મનની એ અવસ્થા માત્ર તમારાથી જ સમજી શકાય. તેનુ નિરીક્ષણ કરવાથી અને તેને આકાર આપવાનો પ્રયત્ન નહિ કરવાથી, પક્ષ નહિ લઈને, વિરોધ નહિ કરીને, સંમત નહિ થઈને, બચાવ નહિ કરીને, ઘૃણા નહિ કરીને, ન્યાય નહિ તોળીને એટલે કે કશી પસંદગી વિના માત્ર નજર રાખીને તમે તમને સમજી શકો. અને કદાય આ પસંદગી વિનાની જાગૃતિથી દ્વાર ઊઘડી જશે અને જે પરિમાણમાં સંઘર્ષ નથી અને કાળ નથી એ પરિમાણ શું છે તે તમે જાણશો.

---

**અધિકૃત વેબસાઈટઃ** www.jkrishnamurti.org

**કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈંડિયા,** વસંત વિહાર, ૧૨૪ ગ્રીનવેજ રોડ, ચેન્નઈ ૬૦૦ ૦૨૮.
Email : thestudykfi@yahoo.com • Website: http: www.kfionline.org

કૃષ્ણમૂર્તિના વાર્તાલાપ અને સંવાદોની ડીવીડી તમે ઓર્ડર દ્વારા મંગાવી શકો છો. જેની યાદી વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, બેંગલુરુઃ** ધી સ્ટડી વેલી સ્કૂલ કેમ્પસ,૧૭ કિ.મી. કનકપૂરા રોડ, થાતગુણી પોસ્ટ બેંગલુરુ ૫૬૦૦૬૨.
૧૧-૧૪ જૂન. ૨૦૧૫ Harmony in Relationship
૦૯-૧૨ જુલૈ ૨૦૧૫ Can I be a responsible parent without understanding myself?
૦૬-૦૯ ઓગસ્ટ ૨૦૧૫ Significance of 'Living in Here and Now' ૧૦-૧૩ સપ્ટે. ૨૦૧૫ Education and the Understanding of Life
ટે.નં. (૦૮૦) ૨૮૪૩૫૨૪૩. • Email : kifistudy@gmail.com. • Website : www.kfistudy.org

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર રાજઘાટ-વારાણસી,** કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયા, રાજઘાટ ફોર્ટ વારાણસી ૨૨૧ ૦૦૧
ટેલિફોન નં. (૦૫૪૨) ૨૪૪૧૨૮૯ / ૨૪૪૦૪૫૩. • Email : kcentrevns@gmail.com. • Website : www.j-krishnamurti.org

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર સહ્યાદ્રિ,** પોસ્ટ-તિવઈ હિલ, તાલિકા ખેડ, (રાજગુરુ નગર, જિ. પૂના ૪૧૦૫૧૩, મહારાષ્ટ્ર)
ટે.નં. (૦૨૧૩૫) ૨૮૮૭૭૨, ૨૮૮૩૪૮, ૨૦૩૪૭૫. • Email :kfisahyadri.study@gmail.com • Website : http:/www.kscskfi.com

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, ઋષિ વેલી,** જિ. ચિત્તૂર, આંધ્રપ્રદેશ - ૫૧૭૩૫૨
ટે.નં. (૦૮૫૭૧) ૨૬૦૩૭/૬૮૬૨૨/૬૮૫૮૨. • Email : study@rishivalley.org. • website : http:/www.rishivalley.org.

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, ઉત્તરકાશી,** પોસ્ટ રાનારી, ડુંડા બ્લોક, જિ. ઉત્તરકાશી ૨૪૯૧૫૧
ટે.નં (૯૪૧૨૪) ૩૬૪૨૯/૯૪૧૫૯ ૮૩૬૯૦ • Email : krc.himalay@gmail.com
website : http/www.jkrishnamurtionline.org. (ભારતીય ભાષામાં સંકેત સ્થળ)

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, કોલકત્તા,** કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયા, ૩૦,દેવદાર સ્ટ્રીટ, કોલકત્તા ૭૦૦ ૦૧૯.
ટે.નં. (૦૩૩) ૪૦૦૮૨૩૯૮ • Email: kfikolkata@gmail.com

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કટક-ઓરિસા કેન્દ્ર,** પૂરીઘાટ રોડ, તેલંગા બજાર, કટક ૭૫૩૦૦૯, ઓરિસા
ટે.નં. (૦૬૭૧) ૬૪૧૭૯૯૦ • Email: kficuttackcentre@sify.com • website :www.kficc.org

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, બદલાપુરઃ** આનંદવિહાર, જે. કૃષ્ણમૂર્તિ સેલ્ફ એજ્યુકેશન સોસાયટી, જાંભિળઘર, રાહાટોલી ગામની નજીક, બદલાપુર(પ્ર). તા. થાણા, પીનકોડ ૪૨૧૫૦૩, મહારાષ્ટ્ર.
૧૩-૧૪ જૂન ૨૦૧૫ Education and the Understanding of Life ૧૧-૧૨ જુલાઈ ૨૦૧૫ Can thought solve any human problem?
૦૮-૦૯ ઓગસ્ટ ૨૦૧૫ What is Meditation? ૧૨-૧૩ સપ્ટે. ૨૦૧૫ Understanding Disorder in Daily Living
ટે.નં. (૦૨૨) ૨૫૦૧૪૦૯૪, ૨૪૨૨૩૧૯૯. • Email: jksesbadlapur@gmail.com • website: www.jkses.org

# જ્યારે તમે અવ્યવસ્થાના સ્વરૂપને સમજો છો

કૃપા કરીને સમજો : પહેલું નિરીક્ષણ એ છે કે આપણે અંતર્વિરોધ (વિરોધાભાસો) વચ્ચે જીવીએ છીએ અને આપણી અંદર વ્યવસ્થા નથી. વ્યવસ્થા કોઈ નકશો (બ્લ્યુપ્રિન્ટ) નથી. વ્યવસ્થા એટલે હરેક વસ્તુને તેના યોગ્ય સ્થાને મૂકવી. પરંતુ કોઈ ખાસ ટેવ વિશેની યાંત્રિક શિસ્ત કે સામાન્ય કાર્ય કરતાં વ્યવસ્થા કાંઈ ઘણું વધારે હોય એવું સૂચવે છે. આમ આપણને આ પુસ્તકમાંથી કાંઈક નવું મળે છે, એના પ્રથમ પ્રકરણમાંથી, કે આપણે અસાધારણ રીતે ગૂંચવાયેલા હોઈએ એમ, અવ્યવસ્થિત રીતે જીવીએ છીએ, એક વસ્તુની કામના કરતાં અને તે વસ્તુ કચ્છીએ છીએ અને એ કામનાને નકારતાં જીવીએ છીએ, કહેતા કાંઈ અને કરતા કાંઈ જુદું જ, વિચારતા કાંઈ અને એથી જુદું જ કાંઈ કરતા જીવીએ છીએ. આથી સતત અંતર્વિરોધ ઉદ્ભવે છે. જ્યાં અંતર્વિરોધ હશે ત્યાં સંઘર્ષ હોવાનો જ. એમ લાગે છે કે તમે અવ્યવસ્થિત રીતે જિંદગી જીવો છો અને અવિરત સંઘર્ષમય હો છો. એ સંઘર્ષ પોતાને મહત્ત્વાકાંક્ષા, સિદ્ધિ, બીજી વ્યક્તિ સાથે, બીજા દેશ સાથે કે કોઈ ધારણા સાથે સંકળાયેલી ઓળખ સ્વરૂપે કેલાવેલ છે, અને સંઘર્ષ ક્યારેય વાસ્તવિકતા સાથે નથી રહેતો. આમ, આપણે આપણી કૌટુંબિક જિંદગીમાં અને રાજકીય રીતે અવ્યવસ્થમાં જીવીએ છીએ. આપણે વ્યવસ્થા શું છે એ શોધી કાઢવું પડશે. જો એ પુસ્તકને કેવી રીતે વાંચવું તેની તમને જાણ હશે તો તે પુસ્તક તમને બધું કહેશે. તે કહે છે કે તમે અવ્યવસ્થામાં જીવો છો. આ સમજો અને પછીનું બીજું પૃષ્ઠ જુઓ તો તમને જાણશે કે અવ્યવસ્થામાં જીવવાનો અર્થ શો થાય છે. જો કોઈ અવ્યવસ્થાના સ્વરૂપને સમજે, બૌદ્ધિક રીતે નહિ, શાબ્દિક રીતે નહિ, પણ વાસ્તવિક રીતે સમજે તો પુસ્તક જણાવે છે કે ભાષાંતર ન કરો, તેને એક બૌદ્ધિક ખ્યાલમાં ન ફેરવો પરંતુ તેને યોગ્ય રીતે વાચો. જ્યારે તમે તે વાંચો છો ત્યારે તમને ખ્યાલ આવે છે કે તમારા જે અંતર્વિરોધો અસ્તિત્વ ધરાવે છે તેનો અંત એ અંતર્વિરોધના સ્વરૂપને સમજવાથી જ આવશે. વિરોધાભાસ (અંતર્વિરોધ) નું અતિશય ત્યાં જ હોય છે જ્યાં હિંદુ અને મુસલમાન, યહુદી અને આરબ, સામ્યવાદીઓ અને અસામ્યવાદીઓ જેવાં વિભાજન હોય, જ્યાં વિવિધ પ્રકારના બૌદ્ધો વચ્ચે, વિવિધ પ્રકારના હિંદુઓ, ખ્રિસ્તીઓ વચ્ચે આ સતત વિભાજન પ્રક્રિયા ચાલતી હોય. જ્યાં વિભાજન હોય ત્યાં સંઘર્ષ હોવાનો જ કે જે અવ્યવસ્થા છે. જ્યારે તમે અવ્યવસ્થાના સ્વરૂપને સમજો છો ત્યારે એ સમજમાંથી, અવ્યવસ્થાના સ્વરૂપની એ ઊંડી સમજણમાંથી સહુજપણે વ્યવસ્થા જન્મે છે.

શ્રીલંકાનો વાર્તાલાપો

**કૃષ્ણમૂર્તિના વિષયોની જાણકારી માટે નીચેની વેબસાઇટ્સ જુઓ:**

www.jkrishnamurti.org
www.kfionline.org
www.rishivalley.org
www.j-krishnamurti.org
www.kfistudy.org
www.kscskfi.com
www.jkrishnamurtionline.org
www.kfa.org
www.kfoundation.org
www.kinfonet.org

...પાન ૮ પર થી આગળ)

રહીએ છીએ તે સંપૂર્ણ અવ્યવસ્થાનું મૂળ કારણ છે. જો આપણે એમ કહીએ કે હું અથવા સ્વ થી છુટકારો મેળવવો અશક્ય છે. એ પ્રશ્ન ખોટો છે એમ કહીએ. પરંતુ જ્યારે આપણે અવ્યવસ્થા શાથી સર્જાય છે તેનાં કારણોનું નિરીક્ષણ કરીએ છીએ, ત્યારે આપણને ખબર પડે છે કે આપણે બધાં અવ્યવસ્થાથી એટલા બધા ટેવાઈ ગયા છીએ કે આપણે તેને સ્વાભાવિક માનીને તેનો સ્વીકાર કરવા લાગ્યા છીએ, પરંતુ જ્યારે આપણે તેની સામે સવાલ ઉઠાવવાની શરૂઆત કરીએ અને તેની તપાસ કરવાનું શરૂ કરીએ તથા તેનાં મૂળને તપાસીએ, તેને વિશે બીજું કાંઈ ન કરીએ અને કેવળ તેનું નિરીક્ષણ કરીએ, તો તે નિરીક્ષણ દ્વારા જ અવ્યવસ્થાના કેન્દ્ર સમું હું, અહં ઓગળવા લાગે છે. બરોબર? શું આ બધું આપણે સાથે મળીને સમજીએ છીએ?

*The Flame of Attention,*
બ્રોકવૂડ પાર્કમાં ત્રીજો જાહેર વાર્તાલાપ,
સપ્ટેમ્બર, ૧૯૮૨.

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયા કેન્દ્ર, હિંમત નિવાસ, મલબાર હિલમાં છે. અહીં કૃષ્ણજીના બધાં પુસ્તકો, ડીવીડી ઉપલબ્ધ છે. બાલ આનંદ-બાલ વિકાસ કેન્દ્ર, મુંબઇ સ્થિત આ કેન્દ્ર સાથે સંલગ્ન છે.

કેન્દ્ર તરફથી વખતો વખત કૃષ્ણમૂર્તિના શિક્ષણના અનુસંધાનમાં જીવનનો ગહનતાપૂર્વક અભ્યાસ કરનાર વિચારવંતોના પ્રવચનનું આયોજન કરવામાં આવે છે. દર શનિવારે અને રવિવારે કૃષ્ણજીના વાર્તાલાપો અને સંવાદોની વિડિયોનો કાર્યક્રમ રાખવામાં આવે છે. તેમજ દર ગુરુવારે સમૂહ વાર્તાલાપનું આયોજન રાખવામાં આવે છે.

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈંડિયા
વસંત વિહાર, ૧૨૪, ગ્રીનવેજ રોડ,
ચેન્નઈ ૬૦૦ ૦૨૮.
દૂરધ્વનિ: (૦૪૪)૨૪૯૩ ૭૮૦૩/૭૫૯૬
Email : kfihq@md2.vsnl.net.in
Website : www.kfionline.org
સંપર્ક : કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયા
બોમ્બે એક્ઝીક્યુટીવ કમિટી, હિંમત નિવાસ,
૩૧, ડુંગરસી રોડ, મલબાર હિલ,
મુંબઈ - ૪૦૦૦૦૬
દૂરધ્વનિ : ૨૩૬૩૩૮૫૬
ઈમેલ : kfimumbai@gmail.com

અંતરમેળ આ વૃત્તપત્રિકા દર ચાર મહિને પ્રસિધ્ધ થતી પત્રિકા છે. કૃષ્ણજીના શિક્ષણના અભ્યાસ કરવા ઈચ્છતી વ્યક્તિ માટે કૃષ્ણજીના સાહિત્યનો ગુજરાતી અનુવાદ, તેમના શિક્ષણને લગત લેખ, સંસ્થાના કાર્યક્રમ તેમજ અભ્યાસ કેન્દ્રની અને પુસ્તકો વગેરેની માહિતી આ પત્રિકામાં પ્રકાશિત કરવામાં આવે છે. આપને આ પત્રિકા આપના સરનામે મળે એવી ઈચ્છા હોય તો અમારા મુંબઈ કેન્દ્રના સરનામા પર પત્ર દ્વારા કે ઈમેલ દ્વારા ખબર કરવી. કૃપા કરી તમારું સંપૂર્ણ નામ, સરનામું, ફોન નંબર અને ઈમેઇલ જો હોય તો તે અમને જણાવશો.

*Published in January, May, September*

Periodical

*Registered with The Registrar of Newspapers for India under No. MAHGUJ/2008/25168*

*If undelivered please return to :*
**Krishnamurti Foundation India**
Mumbai Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road,
Malabar Hill, Mumbai - 400 006.
Tel.: (022) 2363 3856 Email : kfimumbai@gmail.com
Websites : www.kfionline.org, www.jkrishnamurti.org

*Published by P.V. Dabholkar on behalf of Krishnamurti Foundation India, Bombay Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road, Malabar Hill, Mumbai-400 006. Printed by S.V. Limaye at India Printing Works, 42, G.D. Ambekar Marg, Wadala, Mumbai - 400 031. E-mail : ipw@vsnl.net • Editor : Vasanti Padte • Translator : Harshad Dave • Designed by Eurythmic Designs. E-mail : info@Eurythmicdesigns.com*